वार्षिक मूल्य ( पोस्टेज सह ) रु.१-८-० Reg. No. B. 525.

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरॅल्ड.

પુસ્તક ૧૧. એપ્રીલ ૧૯૧૫. અંક ૪

વીરાત્ ૨૪૪૧

## વિષયાનુક્રમણિકા.


'બગડેલું ઘડિયાળ' (તંત્રી) ... ... ... ૧૦૫

તંત્રીની-નોંધ ગત કૉન્ફરન્સ અધિવેશનના ઠરાવ ... ... ૧૦૬

વિવિધ પ્રસંગ (તંત્રી) ... ... ... ૧૦૮

શ્રી વાંચન વિભાગ [ સંપાદિકા—નિર્મલા બ્હેન ]

'કળા કૌશલ્ય પ્રદર્શન' [ રા. મો. દ. દેશાઈ ] ... ... ૧૧૧

શ્રી કેળવણી-કૉન્ફરન્સ ઠરાવ. ... ... ૧૧૧

આ માસિકનો ખાસ જૈન ઇતિહાસ સાહિત્ય અંક—

લેખકોને નિમંત્રણ-તેને માટે વિષય સૂચિ ] તંત્રી ] ... ૧૧૪

જૈન સંબંધે પત્ર દિગ્દર્શન [ તંત્રી ] ... ... ... ૧૧૬

અમારો સત્કાર ... ... ... ... ૧૧૭

ચર્ચાપત્રો-૧ સાધુવર્ગની ડિરેક્ટરીની જરૂરીઆત ... ...

૨ જૈન રાસાઓ ... ... ... ૧૨૦

શ્રીમદ્ યશોવિજયજી કૃત ૧૦૮ બોલ ... ... ... ૧૨૩

ધાર્મિક પરીક્ષાનાં પરિણામ ... ... ... ... ૧૨૫

કૉન્ફરન્સનું બંધારણ ... ... ... ... ૧૩૬

કૉન્ફરન્સ મિશન—૧ શ્રી સુકૃત ભંડાર ફંડ

૨ શ્રી ધાર્મિક હિસાબ તપાસણી ખાતું ... ૧૩૮


માનદ તંત્રી.

મોહનલાલ દલીચંદ દેશાઈ.

બી. એ. એલ્. એલ્. બી.

વકીલ હાઇકોર્ટ-પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ

Printed.-by Dahyabhai Shakrabhai Gandhi at his 'Satya Prakash' Printing Press, Ahmedabad. and Published by Lalchand Laxmichand Shah for Jain Swetamber Conference at its office at Pydhownie, Bombay No, 3,

. જ્ઞાનવર્ધક પુસ્તક માળાનું પુ. ૧ લું–તૈયાર છે.

## હાસ્યમંદિર

કર્તા–રા. બા. રમણભાઇ મહીપતરામ તથા તેમનાં પત્ની સૌ. વિદ્યાગૌરી બી. એ. આ પુસ્તકમાં "હાસ્યરસ" વિષેનો નિબંધ તથા હાસ્યરસિક લેખો –મનોરંજક વાર્તાઓ–સંવાદો વગેરે ૩૫ લેખો છે. ખાસ તૈયાર કરાવેલાં બે રમુજી ચિત્રો –ડેમી આઠ પેજી પૃષ્ટ ૨૫૦ ઉપર પુંઠું સોનેરી નામનું પાકું. કિંમત રૂ. દોઢ જ્ઞાનવર્ધક પુસ્તકમાળાના ગ્રાહકોને માટે બાર આના "જ્ઞાનવર્ધક પુસ્તકમાળા" ના નિયમો મંગાવી વાંચો ને તેના ગ્રાહક થઇ આ પુસ્તક અર્ધી કિંમતે એટલે માત્ર બાર આને મેળવો. વી. પી. પોસ્ટેજના ૦–૩–૦ જુદા.

જીવનલાલ અમરશી મહેતા.
ઠે. પીરમશા રોડ. અમદાવાદ.

---

## हेरॅल्ड मासिकना ग्राहकोने विनंति.

आ मासिकनुं लवाजम वसुल करवा माटे जुन मासथी वी. पी. थी अंक मोकलवानुं शरु थशे. माटे दरेक ग्राहको चालु साल ( १९१५ नी ) आखर सुधीनुं लवाजम मोकली आपवा मेहेरबानी करशे तो आभार मानीशुं.

श्री जैन श्वे. कॉ. हेरॅल्ड.
पायधुनी मुंबई नं. ३.

आसिस्टंट सेक्रेटरी.

---

બંન્ને ધાર્મિક હરીફાઇની પરીક્ષાઓ ગયા વર્ષના અભ્યાસક્રમ મુજબ તા. ૨૬–૧૨–૧૫ ના રોજ લેવામાં આવશે.

---

# જાહેર ખબર.

### મેટ્રીક્યુલેશનની પરીક્ષા પસાર કરેલા વિદ્યાર્થીઓ માટે.

મહુંમ **શેઠ ફકીરચંદ પ્રેમચંદ**ના નામથી સોંપવામાં આવેલા એક ફંડમાંથી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ તરફથી બે સ્કોલરશીપો ( પ્રાઇઝ દરેક ૪૦ નું દર ) વર્ષે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીને આપવામાં આવે છે. તે પૈકી એક સ્કોલરશીપ મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચે નંબરે પસાર થનારને અને બીજી સુરતના રહીશ અને કુલે સૌથી વધુ માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીને આપવા માટે આ વરસે પણ નક્કી કરવામાં આવ્યું છે. સદરહુ પ્રાઇઝનો લાભ લેવા જે વિદ્યાર્થી હકદાર થયો હોય તેણે એ સંબંધીની અરજ તા ૧૫ મી મે ૧૯૧૫ સુધીમાં નીચે સહી કરનારને મોકલવી.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ.
પાયધુની, મુંબઇ નં. ૩.

કલ્યાણચંદ શોભાગચંદ.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરી,
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरॅल्ड.

# Jaina Shwetambara Conference Herald.


अनर्थ है कि बन्धुही न बन्धु की व्यथा हरे
वही मनुष्य है कि जो मनुष्यके लिए मरे ॥
चलो अभीष्ट मार्गमे सहर्ष खेलते हुए,
विपत्ति--विघ्न जो पडें उन्हें ढकेलते हुए ।
घटे न हेल मेल हाँ. बढे न भिन्नता कभि,
अतर्क एक पन्थ के सतर्क पान्थ हों सभी ।
तभी समर्थ भाव है कि तारता हुआ तरे,
वही मनुष्य है कि जो मनुष्य के लिए मरे ॥

मैथिली शरण गुप्त


પુસ્તક ૧૧ અંક ૪ — વીરાત્ ૨૪૪૧ — એપ્રિલ ૧૯૧૫


## બગડેલું ઘડિયાળ.

( અન્યોક્તિ )

ટક ટક કર ઘડિયાળ, શાને? ટક ટક કર ઘડિયાળ—
ઉદય થાય ત્યાં બાર વગાડે, એવું અપશુકનીયાળ-શાને?
કર્કશા લવ લવરી કરતી, દેતી બધાને ગાળ,
તેમ તું બકવા બહુ કરતું, જોતું ન કાળ-અકાળ-શાને?
પ્રકાશ દઈ સૂરજ દાખવતો, ઘડી મુહૂર્ત્તનો કાળ,
તું બિચારૂં શું ભૂલ કરાવે? તારી શું મજાલ?-શાને?
ઘડીઆળી જો પૂરો મળે તો, સાજું થા તત્કાળ,
નહિ તો તું લાયક ગટરને, આખિર એ તુજ હાલ-શાને?

—તંત્રી.

# તંત્રીની નોંધ. ( Editorial Notes.)

## શ્રીમતી કૉન્ફરન્સ દેવી.

### નવમા અધિવેશનના ઠરાવોને હવે કાર્યમાં મૂકવાની જરૂર.

### ( ૧ ) તહેવાર અને ધાર્મિક શિક્ષણ.

રાજનિષ્ઠ જૈન પ્રજા વાઇસરૉય પર તેમના પત્નિ અને જ્યેષ્ઠ પુત્રના મરણથી આવી પડેલ દુઃખમાં સહાનુભૂતિ દાખવી બ્રિટિશસરકાર પાસે પોતાના પવિત્ર દિવસોમાંના ઓછામાં ઓછા બેને જાહેર તહેવાર તરીકે પાળવામાં આવે એવી અરજ કરે છે, અને તેનો ઠરાવ કલકત્તાની વડી સરકારને તથા મુંબઇ સરકારને મોકલવામાં આવ્યો ત્યારે વડીસરકાર લખે છે કે તમે પ્રાંતિક સરકારને અરજકરો, કારણ કે તે બાબતની તેમને સત્તા છે, જ્યારે મુંબાઈ સરકાર જણાવે છે કે તે અરજ પ્રમાણે સ્વીકાર થઇ શકે તેમ નથી માટે તે દિલગીર છે.

જૈનપ્રજા આટલી બધી વફાદાર છે તે ઉપરાંત ગાય જેવી ગરીબ અને શાંત છે અને તેથી શાંતપણે ટુંકી અરજ કરતાં આમ જવાબ મળે છે એથી નિરાશ પામવાનું નથી. 'બારણાં ઠોકો અને તે ઉઘડશે એ ઇસુ ખ્રિસ્તની પવિત્ર આજ્ઞાને બરોબર પાળનાર બ્રિટિશ સરકાર છે. જૈન એસોસિએશન ઑફ ઇંડિયાએ આ સંબંધમાં અરજી કરી હતી તો તેને પણ મુંબઇસરકાર તરફથી એવોજ મીઠો પણ ઠંડો જવાબ મળ્યો હતો. તો હવે ગામે ગામથી શહેરેશહેર અને દેશેદેશથી સેંકડો નહિ બલ્કે હજારો જૈનોની સહી સાથે મેમોરીઅલ જુદી જુદી સરકારને મોકલવાની હિલચાલ કૉન્ફરન્સે અગર જૈન એસોસીએશન ઑફ ઇંડિયાએ ઉપાડી લેવાની જરૂર છે અને જૂદી જૂદી જૈન સંસ્થાઓ જૂદા જૂદા દેશોમાં હોય તેમણે તે બાજુથી હીલચાલ કરવાની જરૂર છે. સુરત અગર કોઇપણ આ સંબંધી પગલાં ભર્યા વગર અચેતન બેસી રહેવામાં સાર નથી.

હવે ધાર્મિક શિક્ષણના ઠરાવપર આવીએ. સર્વ સ્થળે નીતિનું શિક્ષણ કે જે ધાર્મિક શિક્ષણમાં સમાઇ જાય છે તે ઉપરાંત ધર્મનાં તત્ત્વો, ધર્મનાં સિદ્ધાંતો વગેરેનું જ્ઞાન દરેક બાળકને આપવાની જરૂર છે, એમ સ્વીકારાયેલું છે. જૈન બાળકે ઓછામાં ઓછું જૈન ધર્મનાં મૂળ તત્ત્વોનું જ્ઞાન લેવું જોઇએ અને તેમ તે પદ્ધતિ પૂર્વક લઇ શકે તેવો યોગ્ય પ્રબંધ કરવાની જરૂર છે. ઠેકાણે ઠેકાણે જૈનશાળાઓ જોવામાં આવે છે, પરંતુ તેમની પદ્ધતિ યોગ્ય, ગ્રાહ્ય અને અસરકારક ન હોવાને લીધે તે કરવા માટે ખર્ચેલું ધન જેવું જોઇએ તેવું ઉગી નીકળતું નથી, કારણ કે તેથી ધર્મની રૂચિ જિજ્ઞાસા ઉત્પન્ન કરી શકાતી નથી, અને તેથી તેમાં—ધર્મમાં રતિ જાગૃત અને દૃઢ રહી શક્તી નથી. વળી દરેકમાં અભ્યાસ ક્રમ એકજ જાતનો નથી કારણ કે જેમ જેમ તે શાળાના કાર્યવાહકોને ઠીક લાગ્યું તેમ તેમ પુસ્તકો ચલાવે છે, તેમજ પ્રકરણાદિનું જ્ઞાન નહિ હોય એવાને શિક્ષક રાખવામાં આવે છે કે જે સામાયિક પ્રતિક્રમણ નવતત્ત્વ વગેરે પુસ્તકો વિદ્યાર્થી વર્ગ પાસે ગોખાવે છે તે સિવાય બીજું કંઇ કરતા નથી. આથી એવા સુંદર પુસ્તકોની ચુંટણી વિદ્વાનોને હાથે કરાવી તેને દરેક જૈનશાળામાં ટેક્સ્ટબુક તરીકે ચલાવવાની જરૂર છે અને મહેસાણાના

જૈન શ્રેયસ્કર મંડલના કેળવણી ખાતાએ પોતાની નીચે રહેતી પાઠશાલાઓમાં તે જાતનો પ્રબંધ કરવાની જરૂર છે.

આટલો પ્રસ્તાવ કરી તે ઠરાવના મુદ્દા તપાસીએ

(૧) જ્યાં ધાર્મિકશાલા ન હોય ત્યાંતે ખોલવાનો ત્યાંના સંઘે પ્રબંધ કરવો

(૨) જ્યાં તે હોય ત્યાં તેને સુવ્યવસ્થિત કરવાને તથા તેમાં પદ્ધતિપૂર્વક શિક્ષણ આપવા માટે ત્યાંના સંઘે પ્રબંધ કરવો

(૩) જ્યાં ફંડ સારૂં હોય ત્યાં સંસ્કૃત માગધી એ બે ભાષાનો અભ્યાસ વધરાવવો

(૪) બની શકે ત્યાં સુધી દરેક જૈન શાળામાં જૈન પુસ્તકાલય રાખવાનો પ્રબંધ કરાવવો.

પ્રથમના બેના સંબંધમાં કોન્ફરન્સ ઑફિસે દરેકે દરેક પ્રાંત અને શહેરના જૈન આગેવાનો પાસે પોતપોતાના પ્રાંત, શહેર અને ગામમાં આવેલી જૈનશાળા-પાઠશાળાઓ સંબંધમાં રિપોર્ટ માગવો અને તેની સાથે તેમના અભિપ્રાય માગવા, જ્યાં જ્યાં નહોય અને કરવાની જરૂર હોય તેમજ થઇ શકે તેમ હોય તે સંબંધે પણ તેમની પાસેથી રિપોર્ટ માગવો, જૈન શ્રેયસ્કર મંડળ હસ્તક ચાલતા ખાતામાંથી તેવો રિપોર્ટ માંગવો. આમ સર્વ એકત્રિત કરી જ્યાં અવ્યવસ્થા હોય ત્યાં ત્યાં તેમ જણાવી લાગવગ વાપરી પ્રાંતિક સેક્રેટરીઓ દ્વારા તપાસ ચલાવી તેને દૂર કરવી જોઇએ અને આખું બંધારણ સુધારવું જોઇએ, જ્યાં શાલાનો અભાવ હોય ત્યાં ત્યાંના આગેવાનોને લખી તે ઉઘાડવાની વિનંતિ કરવા ઉપરાંત ઉપદેશક મોકલી તેવો બંદોબસ્ત કરવાની જરૂર છે. તે ઉપરાંત જ્યાં જ્યાં ફંડ સારૂં હોય ત્યાં ત્યાં જૈનશાળામાં માગધી અને સંસ્કૃત ભાષાનો અભ્યાસ થઇ શકે તેવી ગોઠવણ કરવા કરાવવાની છે અને પુસ્તકાલય રખાવવાની પણ જરૂર છે.

(૫) એક જાતનો અભ્યાસક્રમ કે જે દરેક પાઠશાલામાં ચાલી શકે એવો જૈન એજ્યુકેશન બોર્ડ પાસે તૈયાર કરી સ્થાપિત કરાવવો.

આ ઘણોજ ઉત્તમ ઠરાવ છે અને એ પાર પડયે એકસંગતતા આવવા ઉપરાંત અનેક લાભ લઈ શકવાનો સંભવ છે. આ પત્રના નીતિ-ધર્મ કેળવણીના ભાગના સંપાદક સ્વર્ગસ્થ ગોવિન્દજી મૂળજી મહેપાણીએ મહામહેનત અને જાતીય શિક્ષક તરીકેના અનુભવથી ઘણા શિક્ષણ વિષયક પુસ્તકોનો અભ્યાસકરી અંગ્રેજી સાતમા ધોરણ સુધીનો ધાર્મિક અભ્યાસક્રમ તૈયાર કર્યો હતો અને તે હેરેલ્ડમાં છપાઇ ગયો છે. આ ઉપરાંત કૉલેજના વિદ્યાર્થીઓ માટે ઠેઠ બી. એ. સુધીનો ઉચ્ચ ધાર્મિક અભ્યાસક્રમ તૈયાર કર્યો હતો તે હેરેલ્ડમાં છપાયો નથી, પણ જૈન પત્રમાં છપાઇ ગયો છે. આ ઉપર જો યોગ્ય લાગે તો ફેરફાર-સુધારો વધારો કરી બોર્ડે એક અભ્યાસક્રમ તૈયાર કરવાની જરૂર છે અને તે સર્વ શાળામાં દાખલ કરાવવાની આ બોર્ડ તથા કોન્ફરન્સ ઉપર ફરજ રહે છે.

હાલના પાઠશાળાના શિક્ષકો નીતિ-ધર્મ શિક્ષણ પાઠો પોતાના અનુભવથી તૈયારકરી આ અગર બીજાં પત્રોમાં પ્રસિદ્ધ કરે તો ઘણો લાભ થઇ શકે તેમ છે. તે ઉપરાંત સામાયિક, પ્રતિક્રમણ, નવ તત્વ, દંડક, સંગ્રહિણી, ક્ષેત્રસમાસ આદિ પ્રકરણ ગ્રંથો નવીન શિક્ષણ શૈલીએ વિદ્વાનોને હાથે લખાવાની જરૂર છે કે જેથી તે પ્રકરણોમાં થોડા શબ્દોમાં મહા અર્થવાળું મૂકેલું જ્ઞાન અને તેનું રહસ્ય પ્રાપ્ત થઈ શકે.

# વિવિધ પ્રસંગ.

**નામદાર લોકમાન્ય ગોખલેનો સ્વર્ગવાસ**—તેમની હિંદદેશના માનવંતા પનોતા પુત્ર તરીકે હિંદ માતાની કરેલી મરણ પર્યંતની અશ્રાંત, ઉત્તમ અને હૃદયનિષ્ઠ સેવા જગજાહેર છે. તે સેવામાંજ તેમણે પોતાનું આયુષ્ય ગાળી નાંખ્યું છે અને તે માત્ર ૪૭ વર્ષની વયે ! ધન્ય છે આ અમરનામી દેશભક્તને ! સરકાર, કાઉન્સિલના મેંબરો, સરકારી અધિકારીઓ, સર્વ પ્રતિષ્ઠિત નરો અને દેશભકતો, ગામેગામ અને શહેરે શહેરની વસ્તીઓ—ટુંકમાં કન્યાકુમારીથી હિમાલય અને સિંધુથી બ્રહ્મપુત્રા સુધીના પ્રદેશે એકી અવાજે તેમની પ્રશંસા કરવા—તેમને ધન્યવાદ આપવા ઉપરાંત તેમના જવાથી પડેલી અવિસ્મરણીય ખોટને લઇને રૂદન કર્યું છે. એટલે તેમાં અમારો નબળો અવાજ ઉમેરવા સિવાય વિશેષ શું કરી શકીએ તેમ છીએ ? અમે જે આ પત્રમાં કહેવા માંગીએ છીએ તે એટલુંજ કે જેવો તે મહાન્‌નર પ્રતિધાયક (constructive), નિષ્પક્ષપાતી,, નિડર અને અનુપમ સેવા બજાવનાર દેશભક્ત હતો તેવો આપણામાંથી કોઇપણ એવો જૈન કોમનો ભક્ત નીકળી નહિ આવે ? અથવા નીકળી ન શકે ? તેવા ગુણો અને તેટલે દરજ્જેની સેવા કદાચ નહિ બની શકે તો પણ તેનું માત્ર અનુકરણ પણ કરનારા કોઈ ન નીકળી શકે ? હાલના સુશિક્ષિતો ધારે તો તે બની શકે તેમ છે, અને જો ન ધારે તો કોમના હતભાગ્ય છે. બની શકવામાં એટલું ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે બીજાની મોરલીપર નાચવું, દુધમાં અને દહીમાં પગ રાખી બોલવું—ચેષ્ટા રાખવી, સ્વતંત્ર કાર્ય તો દુર રહ્યું પણ સ્વતંત્ર અભિપ્રાય પણ આપવામાં ભિરૂતા દાખવવી, અને આસપાસના વાતાવરણથી દોરવાઇજઇ તે પ્રમાણે માકુલ જવાબ આપવો—એ સર્વને જૈન ભક્ત—સેવક થવામાં સ્થાન નથી. સામાન્ય હક્ક માગવામાં ડર, સામાન્ય રાજકીય પ્રશ્નનો ઉહાપોહ કરવામાં સંશયનો બહિષ્કાર થવો જોઈએ છે.

**જૈન સ્રી કળા કૌશલ્ય પ્રદર્શન**—મુંબઇ માંગરોળ જૈન સભાએ ઉપસ્થિત કરેલી જૈન મહિલા સમાજ તરફથી આ પ્રદર્શન ગત ફાગણ માસમાં કરવામાં આવ્યું હતું એ ઘણીજ આનંદદાયક બિના છે. જૈન સ્રીઓ આવી રીતે પોતાની સિવણ, ગુંથણ અને ભરતથી કરેલી ચીજો મોકલી આપે અને તેનું પ્રદર્શન ભરાય એ એક જૈન કોમના ઇતિહાસમાં પહેલપહેલું છે. જૈન મહિલા સમાજ પાસે ફંડ સારૂં છે તેથી આવાં બીજાં અનેક શુભકાર્યો હાથમાં લઇ પાર પાડી શકે તેમ છે. પ્રદર્શન પ્રથમ પ્રયાસ હોવા છતાં તે સામાન્ય રીતે ઠીક હતું. લાડવણિક કોમ તરફથી ભરાયેલ આવી જાતનું પ્રદર્શન પહેલું હોવા છતાં આના કરતાં ઉત્તમ થયું હતું; તો પણ આપણે આશા રાખીશું કે વધુ વખત આગળથી લઇ દર વર્ષે આ પ્રદર્શન કરતાં વધુ સુંદર અને વિશાલ પ્રદર્શન મહિલા સમાજ પુરૂં પાડશે.

**પં. અર્જુનલાલ શેઠી માટે મુંબઇમાં જાહેર મીટીંગ**—તા. ૧૪ મી માર્ચ ૧૯૧૫ને દિને શ્રીયુત મકનજી જૂઠાભાઇ મહેતા બારિસ્ટર-ઍટ-લૉ ના પ્રમુખપણા નીચે એક જાહેર જૈન સભા મળી હતી તેમાં ત્રણે જૈન સંપ્રદાયના ઉત્સાહી પુરૂષોએ હાજરી આપી હતી અને હીરાબાગનો આખો હોલ ચિકાર ભરાઇ ગયો હતો. કોઇ કોઇ કામ આવવાથી તથા તબીયતના કારણે ગેરહાજર રહ્યા હતા છતાં તેમનો સહાનુભાવ આ

મીટીંગ સાથે જ હતો અને કેટલાક કંઇ ડર કે સંશય કે કાંઇ બીજા કારણે આવી શક્યા નહિ હોય એમ કહેવામાં આવે છે. ગમે તેમ હો ! આ મીટીંગ જેવી જોઇએ તેવી સફલ અને નામી હતી. તેનો રીપોર્ટ 'હિંદુસ્થાન' પત્રમાંથી મળી શકશે. પં. અર્જુનલાલ કોણ છે તેનો પરિચય વિવિધ પ્રસંગમાં અને તેમની ધર્મપત્નિના પત્રથી ગયા અંકમાં અમે કરાવી દીધો છે. કોઇપણ જૈન વ્યક્તિના સામાન્ય જાન માલની સલામતીના હક્ક પર તરાપ મારવામાં આવે તે જૈન કોમ ગુપચુપ સહન કરે તો મનુષ્ય દયાનો નિયમ સચવાય છે કે નહિ તે કોઇ પણ સુજ્ઞ વિચારી શકે તેમ છે. શાંતિથી નિરૂપદ્રવપણે સત્ય અવાજ ઉઠાવવામાં કોઇપણ જાતનો પ્રતિરોધ કે ડર કે સંશયને સ્થાન નથી એ સ્પષ્ટ છે, અને તેથી આ મીટીંગે નામદાર વાઇસરોય અને જયપુર સ્ટેટના મહારાજા પર મેમોરીઅલ મોકલવાનો જે ઠરાવ કર્યો છે તે યોગ્ય છે.

**જૈન પત્રોની સહાનુભૂતિ**—કોન્ફરન્સના નવમા અધિવેશન સંબંધે જૈન અને જૈન શાસન સાપ્તાહિક પત્રોએ જે ઉચ્ચ વલણ અખત્યાર કરવામાં આવી હતી તે અનુસાર લેખો લખ્યા છે અને જૈન ધર્મ પ્રકાશ, આત્માનંદ પ્રકાશ વગેરે માસિક પત્રોએ ઠરાવો પ્રસિદ્ધ કરી પોતાની પ્રીતિ દર્શાવી છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

**શ્રી મહાવીર વિદ્યાલય**—હાલના લડાઇના મામલામાં મોટા મોટા સવાલો માણસોની હાડમારીઓ ઉપર ધ્યાન આપી અધ્ધર રાખવામાં કેટલાક પુરૂષો ડહાપણ જુએ છે; છતાં પણ કહેવું જોઇએ કે ગમે તેટલી નિર્ધનતા, બેકારી દેખાવ દે છે તો પણ લગ્ન કારજ, ઉજમણાં આદિ ખર્ચાળ પ્રસંગો ઓછા થયા નથી, તો તેજ રીતે મોટાં મોટાં કાર્યો જો કાર્યવાહકો શુરવીર આત્મશ્રદ્ધા વાળા હોય તો અટકે નહિ. આજ મિશાલે કૉન્ફરન્સનું નવમું અધિવેશન રંગે ચંગે દુરના પ્રદેશમાં પણ સમયાનુકુળ સારૂં થયું હતું; તેમજ આ વિદ્યાલયનું ઉત્તમ ખાતું પણ અશ્રદ્ધાની કસોટીમાં પસાર થઇ કાર્યક્ષમ કરવા પર તેના કાર્યવાહકોએ દીર્ઘ દૃષ્ટિ પહોંચાડી છે. તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. આ સંસ્થા સંબંધી વિસ્તૃત લખવાનો અમારો પુરો વિચાર દાખવ્યો હતો, પરંતુ તે અત્યાર સુધી પાર પડયો નહિ તેનું કારણ સત્યરીતે અશ્રદ્ધાનું તત્કાલે સામ્રાજ્ય પ્રવર્તતું હતું તે હતું. શ્રીયુત મોતીચંદ ગિરધર કાપડિયા સોલીસીટર મુખ્ય સેક્રેટરી નિમાયા છે અને કાર્ય જુનથી શરૂ કરવાનું ઠર્યું છે. શેઠ દેવકરણ મુળજીએ ઉદારતાથી હાલને માટે પોતાનો મલાડમાં આવેલ બંગલો આ સંસ્થા માટે આપ્યો છે તેથી સ્થાન પણ નક્કી થયું છે; આ માટે ઉક્ત શેઠનો આભાર માનવાની તક લઇએ છીએ. હવે અમો ઇચ્છીશું કે શ્રીયુત મોતીચંદભાઇ પૂર્ણ ઉત્સાહ, શ્રદ્ધાશીલતા, કાર્યવાહકતા અને ધૈર્ય રાખી આ સંસ્થાનુ પ્રારંભ-મંગલ ઉત્તમ રીતે સ્થાપિત કરશે કે જેથી ભવિષ્યની ઇમારત પાકી ચણાય. શરૂઆત સારી થઇ એટલે અર્ધું કાર્ય સિદ્ધ થયું; અને ઉત્તમ જનો પ્રારબ્ધ કરેલું કદીપણ તજતા નથી. સંસ્થાનો અભ્યુદય ઇચ્છવા સાથે સર્વ જૈન બંધુઓને આ સંસ્થા પ્રત્યે ઉદાર ભાવ રાખી તન, મન, અને ધનથી સહાય આપવાની છે અને નાણાં ભરનાર સજ્જનોને આપેલી મદદ મોકલી આપવાની છે એવી ભલા મણ કરીશું

**જીવદયા જ્ઞાન પ્રસારક મંડળ**—આનો વાર્ષિક સમારંભ તા. ૨૧ મી માર્ચ ૧૯૧૫ ને દીન થયો હતો તેનું કાર્ય જીવદયા શું છે? હિંસા કરવાથી શું ગેરલાભ છે?

હિંસાથી ઉત્પન્ન થતા પદાર્થોનો ઉપયોગ કરવાથી શરીર, મન અને આત્માની કેવી અધોગતિ થાય છે? તે જનસમાજને સમજાવવાનું છે. આ સુંદર રીતે કરવામાટે શેઠ લલુભાઇ ગુલાબચંદ ઝવેરીને ધન્યવાદ ઘટે છે. આ સંસ્થા ઉત્તેજનને પાત્ર છે.

**જૈન શ્વેતાંબર ડિરેકટરી**—જૈન એસોસિયેશન ઑફ ઇન્ડિયાએ હમણાં જૈનશ્વેતાંબર કોમમાં પ્રતિષ્ઠિત વેપારીઓ, આગેવાનો, ગ્રેજ્યુએટો, પદવીધરો, માસિકો અને વર્ત્તમાન પત્રો, પુસ્તક પ્રકાશક સંસ્થાઓ, જાહેર સંસ્થાઓ, તીર્થો, જૈન વસતીના આંકડાઓ વગેરે માહિતી વાળી વાર્ષિક પચાંગ સાથે એક ડિરેક્ટરી બહાર પાડી છે તે માટે તે સંસ્થાને અભિનંદન ઘટે છે. આની સાથે તે સર્વ ઉપરથી ઉપજતા વિચારો સિંહાવલોકન રૂપે જૈનોની સ્થિતિ દાખવતા જણાવ્યા હત તો તે વિશેષ ઉપકારક થાત; પ્રથમ પ્રયાસ હોવાથી તેમાં રહેલી ઓછપ અને ખામીઓ આવતી ડિરેક્ટરીમાં દૂર થશે. અમને ખાત્રી છે કે આવા પ્રયત્નો દરવર્ષે ચાલુ રહેશે.

**લેખકોને નિમંત્રણ**—આ માસિકનો આવતો ખાસ અંક જૈન ઇતિહાસ અને જૈન સાહિત્યના વિષયો વાળો કાઢવાનો છે અને તેથી તેને 'જૈન ઇતિહાસ-સાહિત્ય અંક' એ નામ આપવામાં આવશે. આમાં'સાહિત્ય'નો વિશાલ અને વ્યાપક અર્થ ન લેતાં મર્યાદિત અર્થમાં-સામાન્ય રીતે લેવામાં આવ્યો છે. આ માટે વિષયોની સૂચિ માત્ર સૂચન અર્થે આ અંકમાં લેખકોને નિમંત્રણ સહિત મૂકવામાં આવી છે તો અમારી ખાત્રી છે કે તે નિમંત્રણનો પ્રેમભાવ પૂર્વક આદર થશે.

**ગુજરાતી સાહિત્ય પરિષદ્**—મે માસમાં સુરત શહેરમાં ભરવાનું નક્કી થયું છે. જૈન સાહિત્યે ગુજરાતી સાહિત્યમાં એટલો બધો આગેવાની ભર્યોભાગ લીધો છે કે તે ગુજરાતી સાહિત્યપરિષદ્‌માં વિશાલ આસન મેળવવા અતિ લાયક છે. હમણાં પણ જૈન પુસ્તક પ્રકાશક સંસ્થાઓ તથા જૈનો જે સાહિત્ય બહાર પાડે છે તે પરથી ઘણો પ્રકાશ પડી શકે છે. સાક્ષરશ્રી રણજિતરામ વાવાભાઇ લખે છે કેઃ—

"પરિષદ્‌માં જૈનસાહિત્યવિષે નિબંધો ન આવે તો આપને સૌને શોભાસ્પદ નથી. એ નિબંધો મેળવવા પ્રયાસ કરવા જોઇએ. તમે હવે એટલાં બધાં સાધનો બહાર મૂકતા જાઓછો કે સાધનો માટે હિન્દુઓએ ફરીઆદ કરવાની નથી પણ આગેવાની તમે લેશો નહી ત્યાં લગી કાંઇ થવાનું નથી આપણને સામાન્ય દૃષ્ટિના અભ્યાસીઓ કરતાં વિશિષ્ટ દૃષ્ટિના અભ્યાસીઓ જોઇએ છીએ."

આ ઉપર ખાસ ધ્યાન ખેંચવા અમારા લેખકોને વિજ્ઞાપ્તિ કરીએ છીએ અને જણાવીએ છીએ કે હેરૅલ્ડના ખાસ અંકમાટે જે વિષયસૂચિ અમે આપી છે તે પૈકી કોઇ વિષયપર નિબંધ લખી પાંચમી ગુજરાતી સાહિત્યપરિષદ્‌ના મંત્રીઓ, ગોપીપુરા સુરત એ સરનામે મોકલાવશો તે જૈનસાહિત્યપર ઉપકાર થશે.

રા. રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ સોલીસીટરે સત્તરમા સૈકાના જૈન ગુજરાતી કવિઓ કે એવા બીજા વિષય પર, તેમજ રા. શ્રી મનઃસુખલાલ કિરતચંદ મહેતાએ એક વિષય પર નિબંધ લખવા વચન આવેલાં છે. અમારા તરફથી 'શ્રાવક ઋષભદાસ કવિ' પર નિબંધ તૈયાર થાય છે અને તે મોકલવા પાકકો વિચાર છે. તો પણ આટલું પુરતું નથી. રા. મનઃસુખલાલ રવજીભાઇ, રા પોપટલાલ કેવળચંદ શાહ, રા. છોટાલાલ હરજીવનદાસ પારેખ,

રા. ભીમજી હરજીવનદાસ પારેખ, રા. ગોકુળદાસ નાનજીભાઇ ગાંધી રા. કેશવલાલ પ્રેમચંદ મોદી વકીલ, રા. ડાહ્યાભાઇ પ્રેમચંદ મોદી, રા. મણીલાલ નથુભાઇ દોશી બી. એ. પંડિત હરગોવિન્દદાસ, પંડિત બહેચરદાસ, શેઠ કુંવરજી આણંદજી, વગેરે એક એક નિબંધ લખી મોકલાવી શકે તેમ છે તો તેમ કરવા તેમને આગ્રહપૂર્વક વિનતિ છે.

વિશેષ ઉપયોગી નિબંધો સાધુ મુની મહારાજો જેવા કે પન્યાસ શ્રી આણંદસાગરજી મુનિશ્રી કર્પુરવિજયજી, મુનિશ્રી ચારિત્રવિજયજી, મુનીશ્રી વિદ્યાવિજયજી, મુનીશ્રી કેશરવિજયજી, મુનિશ્રી જિતવિજયજી તેમજ મુનિશ્રી રત્નચંદ્રજીવગેરે મોકલી જૈન સાહિત્યની સ્મૃદ્ધિ દાખવી શકે તેમ છે તો તેમને પણ વિશેષ વંદણા સહિત તેમ કરવા નમ્ર વિનતિઃ છે. યતિવર્યશ્રી હિંમત વિજયજી કે જે જૈન શિલ્પશાસ્ત્રમાં અતીવ નિષ્ણાત છે તે, અને યતિ શ્રી માણેકવિજયજી કે જેઓ જૈન શિલા લેખોના ઉતારાનો જબરો જથ્થો ધરાવે છે તે પણ તે તે વિષય સંબંધે ઘણું પ્રકાશ પાડી શકે તેમ છે. તો તેમને પણ તેમ કરવા ખાસ આગ્રહ કરીએ છીએ.

જૈનો જ્યાં સુધી કાંઈપણ સાહિત્ય સંબંધે નહિ કરે ત્યાં સુધી જૈનેતરો પાસેથી તેમ કરવાની આશા રાખવી એ યોગ્ય નથી, છતાં પણ કેટલાક નિષ્પક્ષી પ્રેમ દૃષ્ટિવાળા જૈનેતર વિદ્વાનો જૈન સાહિત્ય પ્રત્યે લક્ષ આપતા જણાયા છે. એ કંઇ ઓછા આનંદનું કારણ નથી. આ પરિષદ્‌માં બે વિદ્વાનોએ લખવા ધાર્યું હતું પણ આપણને દીલગીર થવાનું છે કે તેમ બની શકે તેમ નથી કારણ કે અમને જણાવવામાં આવે છે કે—

" રા. અંબાલાલ બુલાખીદાસ જાની બી. એ. ( ગુજરાતીના ઉપસંપાદક ) ને વ્યવસાય ઘણો છે એટલે ' જૈન સાહિત્ય ' વિષે એમણે નિબંધ લખવા ધાર્યું હતું પણ તે બનવાનું નથી. ' વસ્તુપાલ તેજપાલ ' વિશે લખવા રા. રણજિતરામ વાવાભાઇ મહેતાનો વિચાર હતો પણ બીલકુલ વખત ન મળ્યો તેથી તે પણ બન્યું નથી. "

પરિષદ્ મે મહિનાની છેલ્લી તારીખોએ મળશે તો તે વખતે દરેક સાહિત્યરસિક જૈન ભાઇને ત્યાં આવી તેમાં ભાગ લેવા અમારી ભલામણ છે. લેખક એપ્રિલના મધ્યમાં અથવા અંતમાં નિબંધ પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ના મંત્રીઓ. ગોપીપુરા સુરત એ સરનામે મોકલશે તો ચાલશે.

વળી આ વખતે પ્રદર્શન જૂના જૂના હસ્ત લિખિત પુસ્તકો-રાસા, ગદ્ય, કવિતા વગેરેનું તથા બીજું ભરવા વિચાર છે અને તે દરેક પર રિપોર્ટ ઘડી પ્રસિદ્ધ કરવાનો વિચાર છે, તો દરેક જૈન શ્રાવક કે મુનિમહારાજ કે જેમની પાસે જુની હસ્ત લિખિત પ્રતો ( ગુજરાતી-અપભ્રંશ ભાષામાંની ) હોય તેમને ઉપર જણાવેલ સિરનામે તે મોકલવા વિનતિ છે.

જો કોઇપણ લેખક અથવા પુસ્તક મોકલનાર પોતાના નિબંધ યા પુસ્તક પરિષદ્‌માં અમારી મારફત મોકલવા ઇચ્છતા હશે તો ખુશીથી તેમ કરી પરિષદ્‌ને પહોંચાડવામાં આવશે અને તે પુસ્તકો પ્રદર્શન પુરૂં થયે એમને એમ—જે સ્થિતિમાં હોય તેજ સ્થિતિમાં સહીસલામત રીતે પાછું પહોંચાડવાને અમે સાહિત્ય પરિષદ્ તરફથી બંધાઇએ છીએ,

તંત્રી.

# સ્ત્રીવાંચન વિભાગ.

સંપાદિકા—નિર્મળા બહેન.

## ૧
## *કળા કૌશલ્ય પ્રદર્શન.

ગરબો.

( ખીલી વસંતે આ પુષ્પ વન વાડીઓ—એ રાસડાની લયમાં )

સુંદરી ! કળા શિખો ને પુત્રીને શિખાવજો
સર્વ વસ્તુમાં કળાના અંગને વધાવજો—સુંદરી !

સ્ત્રીતણી બહોતેર કળા શાસ્ત્રમાં જણાવી
પુત્રી બ્રાહ્મી સુંદરીને પ્રભુએ ભણાવી
આ પ્રદર્શને તમે એ શીખવાને આવજો—સુંદરી !

ધર્મ ભાવનામાં કળા સ્થાન તો લીએ છે,
સ્વચ્છતા ને સુઘડતા આનંદ તો દીએ છે,
સર્વ આવીને બીજાને આવવા કહાવજો—સુંદરી !

સિવણ ગુંથણ ભરતથી સુવસ્ત્રને વસાવો,
સુંદર ચિત્રામણે પ્રફુલ્લ મન બનાવો,
સ્વજન સાથ સંગથી રહીને ઘર દિપાવજો—સુંદરી !

મોહનલાલ દ. દેશાઇ.

## ૨
## સ્ત્રીકેળવણી.

ગત કૉન્ફરન્સમાં સ્ત્રી કેળવણી સંબંધે જે જે વ્યવહારૂ અને ઉપયોગી ઠરાવ કર્યા છે તેની નોંધ ગયા અંકમાં લેવાઇ ચૂક્ છે, પરંતુ તેટલાથીજ સંતોષ માનવો જોઇતો નથી. તે ઠરાવ કેમ અમલમાં આવે તે માટે ઘટતાં પગલાં ભરી સ્ત્રીઓ અને કન્યાઓ સુશિક્ષિત બની સંસાર સુધારામાં ભાગ આપી શકે તેમ કરવાનું છે. આપણે તે ઠરાવના પેટા ઠરાવ એક એક લઇ તે પર વિચાર કરીશું.

**(૧) પોતાની પુત્રીને ઓછામાં ઓછું લેખન, વાંચન અને સામાન્ય ગણિતનું શિક્ષણ આપવાની વ્યવસ્થા દરેક જૈને કરવી જોઇએ.**

* જૈન મહિલા સમાજ તરફથી ભરાયેલા પ્રદર્શન નિમિત્તે રચેલું.

આ ભલામણ માબાપને છે. પોતાના પુત્રને શિક્ષણ આપી કુશળ બનાવવાની ફરજ જેમ માબાપની છે તેવીજ અને તેટલીજ ફરજ પોતાની કન્યાને શિક્ષણ આપવાની ફરજ દરેક માત પિતાની છે. એવું એકપણ ગૃહ રહેવું ન જોઇએ કે જેમાં વસતી કુમારિકા સામાન્ય જ્ઞાનથી બેનસિબ હોય.

આ સામાન્ય જ્ઞાન શું છે? તો જણાવ્યું છે કે લેખન, વાંચન અને સામાન્ય ગણિત. હવે આ ત્રણમાં શું શું આવે છે તે જોઇએ.

**૧ સ્વલેખન**– લખતાં આવડવું. આજકાલ એક નાનો સરખો કાગળ પોતાની માને, બહેનને, કે ભાઇને કે કોઇપણ સ્વજનને કેમ લખવો તે ઘણી સ્ત્રીઓ જાણતી નથી, તો પછી કન્યાઓની ક્યાં વાત કરવી? કાગળ લખવો તો દૂર રહ્યો પણ સહી કરતાં એટલે પોતાનું એક નામ લખતાં પણ ભાગ્યેજ અગર માંડમાંડ જેવા તેવા અક્ષરથી આવડે છે. આ શું શોકકારક બીના નથી? આવા અજ્ઞાનથી ઘણી વખત એવું બન્યું છે કે સ્ત્રીઓને અને તેમાં વિધવાઓને અને ખાસકરી શ્રીમંત વિધવાઓને ઘણાઓ ફોસલાવી સહી ગમે તેપર કરાવી છેતરી ગયા છે અને અનાથને વધુ અનાથ અને નિરાધાર કરેલ છે. તો ઓછામાં ઓછું સરલ ભાષામાં સારી રીતે લખતાં આવડે તેટલું શીખવાની જરૂર છે.

**૨ વાંચન**—સામાન્ય રીતે સાદાં ગુજરાતી પુસ્તકો વાંચી સમજી શકાય એવી રીતે જ્ઞાન મેળવવાની જરૂર હોવાથી ગુજરાતી પાંચમી ચોપડી સુધી શીખવું જોઇએ. વસ્તી-પત્રકમાં જૈન સ્ત્રીઓ વાંચી જાણે છે તેની સંખ્યા મોટી ગણાવી છે તેપરથી એમ નથી જાણવાનું કે સારી રીતે વાંચતાં જેને આવડે છે એવી જૈન સ્ત્રીઓ ઘણી છે. માત્ર એકાદ બે ચોપડી શીખ્યા કે કક્કો બારાખડી શીખી વાંચતાં માંડમાંડ આવડયું એટલે વાંચન આવડી ગયું એમ સમજી વસ્તીપત્રકમાં લખાવામાં આવે છે. સારૂં વાંચન પ્રાપ્ત કરવાને પાંચ ચોપડીનો અભ્યાસ થયા પછી જૂદાં જૂદાં ગુજરાતી પુસ્તકો વાંચવાનો અને સમજવાનો અભ્યાસ થાય અને વાંચતાં વાંચતાં જે એક વાકયમાં ઘણી વખત અટકવામાં આવે છે તે દૂર થઇ સપાટાબંધ એક શ્રેણીએ વાંચવા ભેગોજ અર્થ સમજી શકાય એટલું જ્ઞાન જોઇએ.

**૩ ગણિત**—આંક, સરવાળો, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, સામાન્ય ત્રિરાશી એટલું તો દરેક સ્ત્રીએ ઓછામાં ઓછું જાણવું જોઇએ. આની સાથે સામાન્ય ઘર ખરચનો હિસાબ કેમ રાખવો, તોલાં તથા માપનાં કોષ્ટકો વગેરેનું જ્ઞાન પણ હોવું જોઇએ. આજ કાલ સ્ત્રીઓ થોડું ઘણું લખી વાંચી શકે છે તે ધોબીને લૂગડાં આપ્યાનો હિસાબ, દૂધવાળાનો હિસાબ, તથા સામાન્ય ઘરખર્ચનો હિસાબ સામાન્ય રીતે રાખી શકતી નથી એ ખરેખર શોચનીય છે. રળનારા પુરૂષોની આવી આવી નાની ઉપાધિઓ સ્ત્રીઓએ મુક્ત કરવાની છે, અને તેથી ગૃહ સંસાર સુખરૂપ નીવડી શકે છે.

આ સામાન્ય જ્ઞાન માટે સર્વ સ્થળે સ્ત્રી–કન્યા શાળાઓ સ્થાપવાની જરૂર છે. સરકારી સ્કૂલો હોય ત્યાં જૈન કન્યાઓ વિશેષ લાભ લઈ શકે તે માટે તેમને ઈનામ, પાટી, દફતર, ચોપડીઓ વગેરેનું આપી લાલચ આપવી જોઇએ છે; જ્યાં તેવી સ્કૂલો ન હોય તેવા ગામડામાં કંઈ શિક્ષક રાખી તેવી ગોઠવણ કરવી જોઇએ છે. આટલું તે તે ગામના આગેવાનો કરશે તો પછી વિશેષ જ્ઞાન જેમ કે સંસ્કૃતનું જ્ઞાન, લલિત કળાઓનું જ્ઞાન, ભરત, ગુંથણ,

સીવણ, ચિત્રામણ વિગેરે-કેળવવાનો પ્રયત્ન સુલભ અને સહેલો થઈ પડશે. આવા જ્ઞાન માટે એવા ખાસ વર્ગ ખોલી શકાય કે જ્યાં આરોગ્ય વિદ્યાનાં મૂળતત્ત્વો, બીમારની ચાકરી કેમ કરવી તે, અકસ્માત વખતે તાત્કાલિક ઉપાય કયા અને કેમ લેવા, બાળકોને કેમ કેળવવા વગેરેનું શિક્ષણ આપી શકાશે.

ઘણી વખત અજ્ઞાનથી અસ્વચ્છતામાં રહી રોગથી ગ્રસ્ત થયેલી સ્ત્રીઓ જોવામાં આવે છે, કેટલીક વખત અકસ્માત વખતે યોગ્ય તુરત ઉપાય ન લેવાથી વિપરીત પરિણામો આવેલાં જોયેલાં છે, આ પરથી સ્ત્રી કેળવણીનો પ્રચાર જેમ બને તેમ વધુ કરવાનો છે.

આ માટે દરેક પ્રાંત શહેરવાર ત્યાંના આગેવાનો પાસેથી કૉન્ફરન્સ તરફથી રિપોર્ટ માગવામાં આવે તો ખરી સ્થિતિ જણાતાં તે માટે આવશ્યક ઉપાય લઈ શકાય તેમ છે.

---

# આ માસિકનો ખાસ દળદાર
# જૈન ઇતિહાસ સાહિત્ય અંક.

## લેખકોને નિમંત્રણ.

**સુજ્ઞ મહાશય,**

વિ૦ વિનંતિ કે ઉપરોક્ત માસિકનો ખાસ અને દળદાર અંક મુખ્યત્વે કરી **જૈન ઇતિહાસ** અને **સાહિત્યને** લગતા વિષયો સંબંધે કાઢવાનો પ્રયત્ન અત્યારથી થઈ ચૂક્યો છે.

જૈન ઇતિહાસ અખંડ ધારામાં લખાયો નથી, તેમજ જૈન સાહિત્ય પૂરેપૂરૂં પ્રગટ થયું નથી તેથી જૈન અને જૈન ધર્મના ઇતિહાસ અને સાહિત્યના જૂદા જૂદા પ્રસંગો છૂટાં છવાયાં એકત્રિત કરવામાં આવશે તો કાળે કરી શૃંખલાબદ્ધ ઇતિહાસ અને સાહિત્યનાં પ્રકરણો હાથ લાધતાં તેને પોતાનું યોગ્ય સ્થાન સાંપડશે. આ ખાસ અંકનો હેતુ આથી સમજી શકાશે.

આપશ્રી જૈન સાહિત્ય અને ઇતિહાસમાં રસ લેતા હોવાથી તે સંબંધે ખાસ લેખ લખી મોકલવાની આ માસિકની પ્રતિષ્ઠા અને શોભામાં વૃદ્ધિ કરશો તો ઉપકૃત થઇશ.

અને આપ વિદ્વાન્ હોઇ આવા પ્રસંગે આપને શ્રમ આપવો પડયો છે તે માટે ક્ષમા આશો. પરંતુ તે શ્રમની સફલતા અમોને ઘણું માન અર્પી શકશે એ અમારી ખાત્રી છે.

લેખ આવતા જુનની ૧૦ મી પહેલાં મોકલવા વિનંતિ છે, અને લેખ સંબંધી વિષયોની સામાન્ય સૂચન રૂપે ટીપ આ સાથે છે તે પર આપનું ધ્યાન ખેંચવામાં આવે છે

કૃપાભિલાષી

તંત્રી.

# વિષયસૂચિ.

## ઇતિહાસ.

૧ ગણધરોનો ઇતિહાસ
૨ સુધર્માસ્વામીથી તે અત્યાર સુધીની પટ્ટાવલીઓ.
૩ ચોરાશી ગચ્છોનાં નામો અને તેનો ઇતિહાસ.
૪ જૈન પ્રભાવકો.
૫ જૈન કવિઓ
૬ જૈન મંત્રીઓ-પ્રધાનો
૭ જૈન ઐતિહાસિક સ્ત્રીઓ
૮ જૈન તીર્થોનો ઇતિહાસ
૯ ચંદ્રગુપ્ત, અશોક, કુણિક, સંપ્રતિ આદિ મૌર્યવંશી રાજાનો ઇતિહાસ
૧૦ બપ્પભટ્ટી સૂરિએ પ્રતિબોધેલ આમ રાજાનો ઇતિહાસ.
૧૧ હરિભદ્રસૂરિનો સમય નિર્ણય
૧૨ સિદ્ધસેન દિવાકરનો સમયનિર્ણય.
૧૩ હેમચંદ્રસૂરિએ ગુજરાતની ધર્મભાવના પર કરેલી અસર.
૧૪ આનંદવિમલસૂરિ, સત્યવિજય પંન્યાસ આદિનો ક્રિયોદ્ધાર
૧૫ હીરવિજયસૂરિ અને અકબરશહેનશાહ.
૧૬ અકબર અને જહાંગીરનાં ફરમાનો
૧૭ શ્રીવલ્લભી સંપ્રદાયની જૈનોપર થયેલી અસર
૧૮ ગુજરાતના જૈન રાજાઓ
૧૯ શ્રીકુમારપાલના સમયનું ગુજરાત
૨૦ જૈનોએ ગુજરાતના ઇતિહાસમાં બજાવેલી સેવા
૨૧ ગુજરાતનાં જિનમંદિરોના તથા તેમાંની જિનપ્રતિમાના પદ્માસન નીચેના જાણવા યોગ્ય શિલાલેખો
૨૨ અલ્લાઉદીન ખિલજી આદિ મુસલમાનો અને જિનમંદિરો; મંદિરોમાંથી થયેલી મસીદો; શિલાલેખો અને જૈન શિલ્પ કળા આદિ પ્રતીતિકર પુરાવા.
૨૩ ઓસવાલોની ઉત્પત્તિ
૨૪ શ્રીમાળી, પોરવાડ, લાડ વગેરેની ઉત્પત્તિ
૨૫ ચોરાશી વણિક જાતિ
૨૬ જૈન ઐતિહાસિક સઝાયો-સ્તવનો રાસાઓ-ચરિત્રો વગેરે સાહિત્ય
૨૭ ઇ૦ સ૦ પૂર્વે ૫૨૭ થી ઇ૦ સ૦ ૧ સુધીનો ઇતિહાસ
૨૮ ઇ૦ સ૦ ૧ થી ઇ૦ સ૦ ૧૨૦૦ સુધીનો ઇતિહાસ
૨૯ ઇ૦ સ૦ ૧૨૦૦ થી ઇ૦ સ૦ ૧૭૦૦ સુધીનો ઇતિહાસ
૩૦ સ્થાનકવાસી સંપ્રદાયની ઉત્પત્તિ
૩૧ દિગંબર સંપ્રદાય અને શ્વેતાંબર સંપ્રદાય
૩૨ જૈનોમાં પડેલા બધા સંપ્રદાય અને તેમની માન્યતામાં તફાવત
૩૩ પ્રાચીન જૈન વ્યાપારીઓ અને તેમની વ્યાપાર પદ્ધતિ
૩૪ ભોજકોની ઉત્પત્તિ.
૩૫ મહાવીર સ્વામીની નિર્વાણ તીથિનો નિર્ણય
૩૬ જૈન દર્શનની પ્રાચીનતા.
૩૭ જૈન ઐતિહાસિક રાજાઓ અને પુરૂષો
૩૮ જૈન ઇતિહાસનાં સાધનો

## સાહિત્ય

૧ જૈન સૂત્ર-આગમ સાહિત્ય અને તેનો ઇતિહાસ
૨ જૈન સંબંધે અન્ય દર્શનોમાં અને જૈનેતર સાહિત્યમાં ઉલ્લેખ
૩ જૈન સંસ્કૃત સાહિત્ય
૪ જૈન પ્રાકૃત સાહિત્ય
૫ જૈન આગમોની ભાષાનો નિર્ણય
૬ પ્રાકૃતભાષાનો ઉદ્ધાર અથવા પ્રાકૃત ભાષા કેમ ખીલવી શકાય ?
૭ જૈન તત્ત્વજ્ઞાન સાહિત્ય
૮ જૈન ન્યાય સાહિત્ય

૯ જૈન કથા સાહિત્ય
૧૦ જૈન નાટકો અને જૈન સંગીત
૧૧ સ્વ૦ ડાહ્યાભાઈ ધોળશાજીની નાટકકાર તરીકેની સફલતા કેટલેક અંશે થઇ છે?
૧૨ ગુજરાતી ભાષાના બંધારણ અને વિકાસમાં જૈનોએ ભજવેલો ભાગ
૧૩ પ્રાકૃત, અપભ્રંશ પ્રાકૃત, પ્રાચીન ગુજરાતીમાં પરસ્પર સમાનતા-ભિન્નતા
૧૪ જૈનોનું પ્રાચીન ગુજરાતી ગદ્ય
૧૫ રસાલંકાર, શબ્દાલંકાર, અર્થાલંકાર, કાવ્ય, કોષ, વ્યાકરણ અને પરિભાષા અંગે જૈનો
૧૬ જૈન પારિભાષિક કોષ-શબ્દો.
૧૭ જૈનોની પ્રાચીન લેખ પદ્ધતિ
૧૮ જૈનોની અસલ નામું માંડવાની રીત
૧૯ અપભ્રંશ ભાષા
૨૦ બંગાલી, મરાઠી, કનડી આદિ પ્રચલિત દેશી ભાષામાં જૈન સાહિત્ય
૨૧ વિદેશી અંગ્રેજી ભાષામાં જૈન સાહિત્ય
૨૨ જૈન અને જૈનેતર ગુજરાતી પ્રાચીન ભાષામાં ફેર હતો કે નહિ તેનું ઉદાહરણોથી સ્પષ્ટિકરણ
૨૩ જૈન ગુજરાતી કવિઓ અને જૈનેતર ગુ૦ કવિઓ સાથે તુલના
૨૪ સ્વ૦ પ્રોફે૦ મણીલાલ નભુભાઈની જૈન સાહિત્ય પ્રત્યે સેવા.
૨૫ શ્રીમંત સરકાર ગાયકવાડે જૈનસાહિત્ય માટે કરેલો પ્રયાસ.
૨૬ જૈન ભંડારો—પાટણ, જેસલમીર, ખંભાત, અમદાવાદ, લીંબડી વગેરેનો કઇ રીતે લાભ લઈ શકાય ?
૨૭ જૈન વાંચનમાળા કેવી હોવી જોઇએ? જૈન વાંચનમાળા માટે થયેલા હાલના પ્રયાસો.
૨૮ પ્રાકૃત-સંસ્કૃત કોષ.
૨૯ પ્રાકૃત સાહિત્યનો સંસ્કૃતમાં અનુવાદ
૩૦ જૈનદર્શન અને અન્યદર્શન સાથે તુલના.

# જૈન સંબંધે પત્રદિગ્દર્શન.

**બિહારમાં ભાગલપુરનગર** એક અતીવ પ્રાચીન સ્થાન છે. હિંદુ તથા મુસલમાનોના પ્રભુત્વકાલમાં એણે પોતાના સુદિવસો દેખ્યા હતા. અંગ દેશનું એ પ્રધાન અંગ છે. મહાભારત આદિ પ્રાચીન ગ્રંથોમાં એનું નામ હજી પણ જડી આવે છે. હિંદુરાજ્યકાળમાં પાલવંશના ધર્મપાલન રાજાએ વિક્રમશિલા વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી આ પ્રાંતનો કીર્તિધ્વજ સમગ્ર દેશમાં ઉરાડયો. પ્રાચીન તત્ત્વવેત્તાઓ કહે છે કે આ વિખ્યાત વિશ્વવિદ્યાલય કહલ ગામના પત્થરઘટ્ટા સ્થાનમાં હતું. જૈનોના દસમા તીર્થંકર વાસુપૂજ્યે આ જિલ્લામાં જન્મ ધારણ કર્યો હતો, અને ચંપાનગરનું સુંદર મંદિર એના સ્મારકરૂપે આજ પણ વિદ્યમાન છે. આ જિલ્લામાં જૈનધર્મનાં સ્મારકચિન્હો ખાત્રી કરાવે છે કે કોઇક સમય વિખ્યાત ચંપાનગર જૈનધર્મનું કેન્દ્રસ્થાન અવશ્ય હોવું જોઇએ. આજ પણ લાખો જૈનો અહીં દર્શન કરવાને આવે છે. મુસલમાની શાસનકાળમાં મીરકાસિમની સાથે આ નગરનો બહુ સંબંધ હતો. વસન્ત વૈ૦ ૭૦,

**પાંડવ ગુફામાં બૌધ્ધોનો લોપ ને જૈનોનો પ્રવેશ—તીર્થંકરોની મૂર્ત્તિ—નાશિકમાં બૌધ્ધ ધર્મ** આશરે ૧૧ મી સદી સુધી ચાલુ રહ્યો ત્યાં સુધી આ ગુફાઓ વપરાતી રહી. તેનો ઉપયોગ મુખ્ય કરીને બૌધ્ધ સાધુઓ, શ્રમણોની ધર્મશાળા જેવો

હતો. 'વિહાર' એ તેનું પારિભાષિક નામ છે. ડુંગરોમાં કોતરેલી ગુફાઓ માત્ર બૌદ્ધોના વિહારો છે. જ્યારે નાશિકમાં બૌદ્ધ ધર્મનો ૧૧ મી સદીમાં નાશ થયો અને વિહારો ઉજ્જડ થઇ ગયા ત્યારે જૈનોનો પ્રવેશ થયો, દિગંબર પંથના જૈનો એ અરસામાં પાંડુગુફાની ૧૦ મી તથા ૧૧ મી ગુફામાં ઘુસી ગયા! ૧૧ મી ગુફામાં તેઓએ ૨૪ માના પહેલા તીર્થંકર ઋષભ દેવની, દેવી અંબિકા, અને વીર મણિભદ્રની મૂર્તિઓ નવી કોતરી કાઢી. દશમા નંબરની ગુફામાં પણ તેઓએ એક જૂની મૂર્તિને ભૈરવ અથવા વીરનું સ્વરૂપ આપ્યું તથા ગુફામાં એક બીજો ભૈરવ પધરાવ્યો. દિગંબરો પણ બાદ ચાલ્યા ગયા—અને મરાઠાઓ તેને કિલ્લા અથવા ભંડાર તરીકે વાપરતા—તે પછી પીંઢારાઓ ત્યાં રહેતા! સત્યંજુન ૧૪.

આમાં જૈનો સંબંધે જે ઘુસવાની વાત છે તેમાં શું સત્યાસત્ય છે તે શિલ્પ-શાસ્ત્રની દૃષ્ટિએ બહાર પાડવાની જરૂર છે. પ્રસિદ્ધ ઇતિહાસકાર વિન્સેંટ સ્મિથ જૈનોને શિલ્પ શાસ્ત્રમાં અભ્યાસ કરી અથવા પોતા સંબંધે પ્રાચીન તત્ત્વ બહાર પાડવા એક પુરાતત્ત્વવેત્તા રોકવા માટે ખાસ ભલામણ કરે છે એ ખોટું નથી—**તંત્રી.**

# અમારો સત્કાર.

(ગત જાન્યુ. અંકથી ચાલુ)

શ્રી મહાવીર પર્યુષણ અને દીપોત્સવી અંક મળ્યા છે. જુદા જુદા દૃષ્ટિબિંદુથી જુદા જુદા લેખકોએ સારૂં આલેખન કર્યું છે. હવે પછી માટે એક અતિ અગત્યની બાબત માટે ધ્યાન ખેંચવું યોગ્ય છે તે એ કે શ્રી મહાવીર ચરિત્રનું નિરૂપણ સાંપ્રદાયિક લૌકિક દૃષ્ટિએ આજન્મ દૈવી નિરૂપાય તે ઠીક છે; પણ સંપ્રદાયને અલગ રાખિયે અને સાર્વજનિક વાત લઇએ. તો એ પરમ પ્રભુ કે અન્ય ગમે તે મહાનુભાવ આદર્શ પુરૂષનું ચરિત્ર તેનામાં આજન્મ માનુષી આત્મિક શક્તિનો વિકાસ કેમ અને કેવા પ્રકારે થતો આવ્યો એ યથાયોગ્ય દેખાડવા રૂપે લખવું વધારે યોગ્ય અને ઇષ્ટ છે. સંપ્રદાયને અનુસરનારાં તો સંપ્રદાયના ઇષ્ટ દેવને ઓઘે પણ ચમત્કારી, દૈવી માનેજ માને અને તે ઇષ્ટ પણ છે, પણ સંપ્રદાય બહારનાંને માટે તો વાસ્તવ્યમાં ક્રમે કરી, **કારણ કાર્ય ભાવે** જે જે શક્તિના વિકાસ પ્રાદુર્ભાવ થયાં હોય તે નિરૂપાવાં ઉપયોગી અને ભક્તિ-બહુમાનજનક થાય આટલું કહેવું હાલ પ્રાપ્ત થાય છે. બહુ સારી દિશામાં પ્રયાસ છે. શુદ્ધાંતઃકરણનો સહૃદય પ્રયાસ સદા વિજયી છે. તથાસ્તુ

**—મનઃસુખલાલ કિરતચંદ મહેતા.**

**શ્રીમન્મહાવીર સચિત્ર અંકના પૂર્વ અને ઉત્તરાર્દ્ધો** જોયાં, કે જેને શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના હેરૅલ્ડ માસિકના સને ૧૯૧૪ ના અગસ્ટથી ડીસેંબર સુધીના અંકોને રૂપે બહાર પાડવામાં આવ્યા છે.

શ્રીમન્મહાવીરના ચરિત્ર માટે, આધુનિક યોગ્ય થઇ પડે તેવી રીતે આપણા તરફથી હજુ સુધી કાંઇ પણ કરવામાં આવ્યું નથી, કે જેવું શ્રી બુદ્ધ ચરિત્ર જગદ્દષ્ટિએ આણવા

માટે કરવામાં આવ્યું છે. જો કે આવા પ્રયાસો માટે, તેમજ શ્રી મહાવીર જયંતિ માટે કેટલોક વખતથી ચળવળ ચાલે છે, અને કઇંક કઇંક થાય છે પણ ખરૂં, તથાપિ, તે સમ્પૂર્ણ અને સર્વદૃષ્ટિથી આદરણીય થયું છે તેવું કહી શકાતુ નથી. આ અંકમાં તંત્રી રા. રા. મો. દ. દેશાઇનો પ્રયાસ તો, મહાવીર ચરિત્રને જગસન્મુખ મૂકવામાટેનો હતો, પરંતુ તે પ્રયાસમાં પોતે ધારતા હતા તેટલાં પ્રમાણમાં ફલીભૂત થઇ શકયા નહીં. કેમ ફલીભૂત થઈ શક્યા નહિ ? તે જણાવવા માટે હાલ તો એટલાંજ પૂરતુંજ કહી શકીશું કે આપણામાં જ્યાં લેખકોનીજ ખામી, ત્યાં આવા ચરિત્રને જગદ્‌માનનીય બનાવી શકે તેવા ઉચ્ચ કોટિના લેખો આપનાર તો કયાંથી હોય, સ્વપ્ને પણ ? સાધુઓમાંથી તો અપવાદરૂપે એક લેખ બાદ કરતાં અન્ય એક પણ લેખ આવ્યો દ્રગ્ગોચર થતો નથી. આમ થવાનું કારણ શું, એ પૂજ્ય મુનિઓએ ખ.સ તપાસી તે દિશામાં અભ્યાસ વધારવો હાલ જરૂરી છે કે નહિ તે જોઇ ઉપાય લેવો ઉપયોગી છે. જો કે દરેક સાધુ દરેક વિષયમાં પારંગત હોય તેવું તો બનવું અશકયજ પરંતુ સારા સાધુઓએ એક એક વિષયને ખાસ હાથ ધરી તેને ખીલવવાની જરૂર છે. અથવા તો પોતાને શોખ લાગતાં વિષયોમાં પણ પરિપૂર્ણ શ્રમ ઉઠાવવો ઉપયોગી છે કે નહિ તે તપાસવાની શું જરૂર નથી ?

અંકમાં તંત્રી તરફથી અપાયેલો 'મહાવીરનોસમય અને ધર્મ પ્રવર્ત્તક તરીકે મહાવીર' નો લેખ મનન અને ખાસ અભ્યાસ કરવા લાયકનો છે. એમાંથી ઘણાઓને નહિ જાણેલું નવું જાણવાનું મલી આવે તેવું છે. આ દિશામાં તેઓનો પ્રયાસ સ્તુતિ કરવા યોગ્ય છે. માત્ર વધું કાંઇ નથતાં આવા પ્રયાસોજ જો દશ-પાંચ વર્ષ ચાલુ રહે, અને સારા લેખકો તરફથી બરોબર વિચાર પૂર્વક જો શ્રીમન્મહાવીર ચરિત્ર માટેના લેખો અપાય વા ભેલાં કરવામાં આવે તો પણ આશા છે કે થોડા વખતમાં એક સારૂં વૉલ્યુમ બહાર આવે અને તે ઉપર ઉહાપોહ કરવાનું અન્ય લેખકોથી બની આવે. તંત્રી તરફથી શ્રીમહાવીરને લગતાં પ્રાચીન કાવ્યોની ચુંટણી અને સંગ્રહ પણ અસ્થાને નથી. પૂર્વ સાધુઓએ આપણને શ્રીમહાવીર માટે જણાવવા ઘણું ઘણું કર્યું છે, માત્ર ઉપયોગ અને અભ્યાસનીજ ખામી છે. કારણ હાલના સમયમાં પશ્ચિમ દેશોના સમાગમને લીધે ઘણી વખતે ઘણીવાતો માનવા માટે અન્ય ઘણાઓના દિલ દુભાય છે એમજ નથી, પરંતુ જૈન વર્ગમાં પણ એવો એક વર્ગ છે કે જે વર્ગ પણ મોટા ભાગની વાતોને અતિશયોક્તિ સહિતની સ્વીકારે છે. જો સહુથી પ્રથમ અન્યકોમ માટે નહિ, પરંતુ જૈનકોમ માટે વિચાર કરીએ તો તેઓને પણ શ્રીમહાવીર માટે ઘણુંજ જાણવાનું-માનવાનું બાકી છે તેમ કહ્યા વિના નભતું નથી.

હાલનો સમય એવો નથી કે માત્ર ફલાણા કારણથી, શ્રદ્ધાથી, વા મંત્ર બળથી અમુક વસ્તુ સાધ્ય છે, તેને સ્વભાવિક પણે માની લે. હાલતો પ્રયોગસિદ્ધિ નજરે જોવામાં આવે તોજ દુનિયાનો ઔદઆની ભાગ તે વસ્તુ અંગીકાર કરે તેવું છે તોપછી પ્રાચીન શાસ્ત્ર, વા ગ્રન્થોને આધારે નવીન પદ્ધતિ અનુસાર શ્રી મહાવીર ચરિત્રને દુનિયા સન્મુખ મૂકવાની અગત્ય છે વા નહિ તે માટે ખાસ વિચારવા જેવું છે.

ખાસ તંત્રીવિનાના લેખોમાં પણ 'વીર પૂર્વ ભવ સમાલોચના' 'વીરની છદ્મસ્થાવસ્થા' 'છદ્મસ્થપણામાં વીરનો અપૂર્વ સમભાવ' એ ત્રણ લેખો પણ સારૂં અજવાળું પાડવાને સમર્થવાન છે તેમ પણ મારૂં ધારવું છે.

ઉત્તરાર્દ્ધનાં 'મહાવીર સંબંધે કંઇ કંઇ' 'શ્રી મહાવીર' 'ભગવાન મહાવીરનો સમય' 'મહાવીરના ચરિત્રમાંથી ઉદ્‌ભવતો બોધ' એ લેખો પણ મનન કરવા યોગ્ય છે.

સ્ત્રી વાંચન વિભાગમાં આવેલાં પ્રાચીન અમૂલ્ય કાવ્યો માટે તો કહેવુંજ શું ?

માત્ર જે ચિત્રો-ચહેરા આપવામાં આવ્યા છે તે અસ્થાને છે એમ કહ્યાવિના ચાલતું નથી. "શ્રીમન્મહાવીર સચિત્ર અંક' એ ઉપરથી હું સમજતો હતો કે શ્રીમન્મહાવીરના જૂદી જૂદી અવસ્થાના ચિત્રો, કલ્પસૂત્ર, વા કલ્પના સૂત્ર ઉપરથી નવીન સ્ટાઇલના ઉપજાવી—બનાવરાવીને મૂકવામાં આવ્યાં હશે અને તેથી વાંચકોને પ્રત્યક્ષ તે તમામ જોવા મળશે એવું ધારતો હતો. જો કે 'સચિત્ર' એવું સૂચન હોવાથી તે મારૂં ધારવું ભૂલ ભરેલું નહોતું જ. પણ જ્યારે અંક ખોલ્યો ત્યારે 'ચિત્રો'ને સ્થળે કેટલીક વ્યક્તિઓના 'ચહેરા' જોવામાં આવ્યા. તંત્રી મહાશયે જો જન્મ, દીક્ષા, સમવસરણ કૈવલ્ય, જન્મોત્સવ, ગિરિચંપણ ઇત્યાદિ ચિત્રો આપ્યા હતે તો અંકનું 'સચિત્ર' નામ સફળ થતે તેમ મારૂં માનવું છે, કે જેવાં ચિત્રો રામાયણ, મહાભારત, શ્રીપાલ રાસ ચંદ રાજા રાસ વગેરેમાં આપવામાં આવે છે. માત્ર અગત્યનો સુધારો અંદર એટલો કરવાનો કે જે પ્રાચીન અસંબંધ રીતિએ ચિત્રો આપવામાં આવે છે તે બદલ હાલ નવીન સ્ટાઇલથી કરાવવામાં આવેલાં જોઇએ,

ભવિષ્યમાં પણ આશા છે કે તંત્રી મહાશય પોતાનો પ્રયાસ દર વર્ષે પૃથક્ પૃથક્ દિગ્‌માં ન ફેરવતાં આજ દિશામાં થોડાં વર્ષો ચાલુ રાખશે, કે જ્યાં સુધી સંપૂર્ણ વિગત શ્રીમન્મહાવીર માટે બહાર ન આવે ત્યાં સુધી. અને ચિત્રોમાં પણ ઉપર સૂચિત પ્રમાણે અથવા યોગ્ય લાગતા પ્રમાણે કરવામાં આવશે તો 'સચિત્ર' અંકની સાફલ્યતા ગણાશે. જો કે પૈસા ઘણા થવા જાય એ સવાલ ઉભો રહે છે ખરો તો પણ એકાદું ચિત્ર પણ તેવું આવેથી લોકચિત્ત આકર્ષાવા વધુ ને વધુ સંભવ છે.

તા. ૧૭-૧૨-૧૪

**જીવણચંદ સાકરચંદ જવેરી.**

*ટુંક ખુલાસો—'શ્રીમન્ મહાવીર સચિત્ર અંક' એ નામમાં જે સચિત્ર શબ્દ છે તે અંકને લાગુ પડે છે નહિ કે મહાવીરને, તેથી આ અંકમાં શ્રી મહાવીર સિવાય તેમના ભક્ત કે પ્રશંસકનો ફોટો આવી ન જ શકે —અસ્થાને છે એ ધારવું યોગ્ય નથી. વળી હાલની માન્યતા-પ્રણાલિકા એવી છે કે તીર્થંકરોના ચિત્રો કે તેમની કોઇપણ અવસ્થા સ્કૂલની ચોપડીમાં, માસિકમાં કે એવા બીજા કોઇપણ સ્થળે આવે તો આશાતના થાય તેથી તે છપાવવાં યોગ્ય નથી. તેમજ તેમ છપાય તો તે સામે અણગમો, કે કોઈ વખત તિરસ્કાર બતાવાય છે અને કોઇ વખત ધાર્મિક લાગણી દુઃખાય છે તેથી તે છપાતાં બંધ થવા જોઇએ એવું કહી પગલાં પણ લેવામાં આવ્યાં છે— આ વાત રા. જીવણચંદને અજ્ઞાત તો નહિ હોય તો ~~પછી~~ આમાં મહાવીર સ્વામીની અવસ્થાઓ આલેખાઇ નથી તેમાં આ પત્ર કૉન્ફરંસનું હોઈ કોમી લાગણીને માન આપવામાં આવ્યું છે એ સમજી પોતાની માન્યતા દૂર કરશે.

'ચિત્રો'ને માટે 'ચહેરા' એ શબ્દ મૂકી જે વ્યંગ્ય લેખક કરે છે તે યોગ્ય નથી. મહાવીર અંક વર્ષે વર્ષે કરવાનું હાલ બની શકે તેમ નથી, કારણકે જેની પાસે વધુ આશા

રાખી શકાય એવા લેખકો તથા મુનિ મહારાજો આ સંબંધમાં કંઇપણ કરતા નથી, યા કરવા માંગતા નથી (?)-ગમે તે હો પણ અમને તેમના તરફથી નિરાશા મળી છે, તે લેખકોની હારમાળા જોતાં સમજાય તેવું છે અને અમને તો અનુભવ પરથી પૂરૂં સમજાયું છે. જે લેખો એકત્રિત કરવામાં આવ્યા છે તે કેટલી બધી મહેનતે, કેટલી બધી માગણી કરીને અને પત્રો લખીને તે વર્ણન થાય તે કરતાં વધુ કલ્પનામાં આવી શકે તેમ છે અને તેનું ટુંક વર્ણન અમે અમારા તે અંકના મંગલાચરણમાંજ આપેલ નિવેદનમાં આપેલું છે તે ફરી વખત જોઇ જવાની વિનતિ કરીએ છીએ. છતાં પણ આ વખતે જૈન ઇતિહાસ સાહિત્ય અંક નિકળવાનો છે તે વખતે ઇચ્છીશું કે દરેક શ્રાવક લેખક તથા વિદ્વાન મુનિ મહારાજશ્રી કંઇપણ મોકલાવીને આભારી કરી અમને ઉત્તેજિત કરશે.

તંત્રી.

---

# ચર્ચાપત્રો.

૧

## સાધુ વર્ગની ડિરેકટરીની જરૂરીઆત.

જૈન શ્વેતાંબર સમુદાયમાં અનેક ગચ્છો છે અને તે તે ગચ્છોમાં ગચ્છાધિપતિ છે. દાખલા તરીકે તપાગચ્છ, ખરતરગચ્છ, અંચળગચ્છ વગેરે. આ સર્વ ગચ્છોમાં જે જે આચાર્ય પટ્ટધર તરીકે થઇ ગયા તેમની સંપૂર્ણ સત્તાવાર પટ્ટાવલીઓ પ્રગટ નહિ થવાથી જૈનેતર-અન્ય દર્શનીઓ-યુરોપીય અને હિંદના વિદ્વાનો તેમના ઇતિહાસ અને કાલ સંબંધે એટલી બધી ભૂલો કરે છે કે તેનો સુમાર નથી. આ બધી ભૂલો દાબી દેવાની ઘણી જરૂર છે તેથી તે તે ગચ્છના ગચ્છાધિપતિશ્રી શ્રી આચાર્ય મહારાજો પોતપોતાના ગચ્છની સંપૂર્ણ હકીકતવાલી પટ્ટાવલિઓ અને તે સિવાય બીજા ગચ્છની જે જે પટ્ટાવલિઓ હોય તે જો પ્રગટ થાય તો ઘણી ભૂલો થતી અટકાવી શકાય.

વળી હાલ દરેક ગચ્છમાં જે જે સાધુ અને સાધ્વીજીઓ વિચરે છે તેની માહિતી મેળવવાની ઘણી જરૂર છે અને તે માહિતી સત્તાવાર પ્રગટ થાય તો ભવિષ્યમાં તેઓ સંબંધે ભૂલો ન થવાનો સંભવ છે, તેમજ વર્તમાન સ્થિતિ પણ તે પરથી સારી રીતે જાણી શકાય તેમ છે, તો દરેક ગણિજી, પંન્યાસજી અને આચાર્યશ્રી પોતપોતાના સમુદાયના દરેક સાધુ અને સાધ્વીજીનાં નામ તેમની દીક્ષાવય, દીક્ષાગુરૂ, મૂલનામ, મૂલજ્ઞાતિ ગોત્ર, વગેરે હકીકત આ પત્રમાં લખી લખાવી મોકલાવે તો કેટલું બધું સારૂં! હું ઇચ્છું છું કે તંત્રી આ સંબંધમાં કંઇપિણ કરશે.

સંત સેવક.

× × × ઉક્ત ચર્ચાપત્રમાં જે જણાવેલ છે તેને અમો અક્ષરશઃ સંમત છીએ અને તેમાં જણાવેલી નમ્ર વિનતિ સાંભળી જે કોઇ સાધુ મહાશયશ્રી તેમજ મહાશયા સાધ્વીજી પોતાના અને પોતાના પરિવાર સંબંધે નીચે પ્રમાણેની હકીકત લખાવી મોકલાવવા કૃપા કરશે તો અમે ખુશીથી પ્રકટ કરીશું અને તેમ બધી વિગત બધે સ્થળેથી મળ્યે જૂદા આકારમાં પ્રસિદ્ધ પણ કરીશું:—

૧ મૂલનામ, ૨ મૂલ માતપિતા, ૩ મૂલ ગામ, ૪ જન્મ ૪ દીક્ષાવય, ૫ દીક્ષાનામ, ને દીક્ષાગામ ૬ દીક્ષાગુરૂ, ૭ ગચ્છાચાર્ય, ૮ લઘુદીક્ષા ને વડીદીક્ષા ક્યારે લીધી ૯ અભ્યાસ, ૧૦ લેખો—પુસ્તકો રચ્યાં હોય તેનાં નામ, ૧૧ વિહાર સ્થલો, ૧૨ સંઘોપયોગી કાર્ય, ૧૩ ગુરૂપરંપરા ૧૪ શિષ્ય પરંપરા, વિગેરે વિગેરે.

આ સિવાય જે કોઇ પોતપોતાની પટ્ટાવલિ લખાવી મોકલવાની કૃપા કરશે તેનો આભાર સાથે સ્વીકાર કરી તેને પ્રસિદ્ધ કરવામાં અમે મોટું માન સમજીશું. પ્રાર્થના છે કે ચર્ચાપત્રી મહાશયનો શુભ આશય ધ્યાનમાં લઇ સાધુવર્ગમાંથી દરેક વ્યક્તિ આ સંબંધે લખી જણાવશે. પત્રવ્યવહાર તદ્દન ખાનગી રાખવામાં આવશે. ઉપર પૂછેલ બધી હકીકતમાંથી ગમે તેટલી હકીકત મોકલાય તો પણ બાધ નથી એટલે કે તે હકીકત સૂચના માટે લખી છે. કંઇ જણાવવી તે સર્વની મુન્સફીપર છે.

તંત્રી.

---

૨

## જૈન રાસાઓ.

જૂનાગઢમાં ગોરજી લાધાજી જયવંતજીપાસે નીચલાં રાસો છે. જેના કર્તા કોણ છે તે હું તપાસી શક્યો નથી તેમજ બંને છપાયેલી રાસમાળા સાથે પણ જોવાનો અવકાશ મળ્યો નથી જેથી બધાં નામો નીચે ઉતારી મોકલ્યાં છે. માત્ર જૂનાગઢમાં તપાસતી વેળાએ સંવત્ લખી લીધા હતા તે આ સાથે જણાવ્યા છે. કર્તાનાં નામ લખવા રહી ગયેલા જેથી જણાવી શક્યો નથી પણ તમે પૂછાવો ને તે ગોરજી મહાશય જણાવવાની કૃપા કરશે. ઠેકાણું ગોરજીના દહેરાની સામે, શ્રાવકોના કારખાના પાસે છે, જે યોગ્ય લાગે તેમ કરશો અથવા તમો રાસમાલાઓ સાથે તપાસશો તો સંવત્ ઉપરથી કદાચ કાંઇ જડી આવે ખરૂં.

| | | | |
|---|---|---|---|
| શીયલ રાસ. | સાલ પણ નથી. | રાજરત્ન | ૧૭૪૬ |
| નંદિષેણ. | સાલ પણ નથી. | રાત્રીભોજન | ૧૭૩૩ |
| ઇલાયચીપુત્ર. | સાલ પણ નથી. | નળદમયંતી | ૧૬૭૩ |
| આષાઢભૂતી. | સાલ પણ નથી. | કપુરમંજરી | ૧૫૯૨ |
| ગજસુકુમાર | ૧૭૩૫ | સુરસુંદરી | ૧૬૪૪ |
| રત્નકુમાર | ૧૭૫૧ | રોટલાનો | ૧૭૧૯ |
| લીલાવતી | ૧૭૦૫ | રતનચુડ | ૧૬૮૫ |
| ગુણાવલી | ૧૭૮૯ | ગુણાવલી | ૧૭૨૩ |
| શાલિભદ્ર ચતુઃપદી | ૧૭૦૧ | ધર્મદત્ત | ૧૬૦૨ |
| રત્નસાર | ૧૬૬૫ | | |
| રૂપીદત્તા | ૧૬૯૮ | | |
| અમરસેન વીરસેન | ૧૬૭૦ | | |
| પુન્યકુમાર ચરિત્ર | ૧૬૬૪ | | |
| શ્રાવક આચાર | મલી નથી | | |
| ચંદરાસ નાનો | મલી નથી | | |

આ વિના પણ ઘણા છે પણ મોટે ભાગે શા. મનસુખ કિરતચંદે તપાસ્યા હશે તથા કેટલા બાકી પણ હશે. પરંતુ તમો કોન્ફરંસ તરફથી પત્રવ્યવહાર કરશો.

આ વિના શ્રીવલ્લભવિજયજીના ૧ જૂના હસ્તલિખિત ચોપડામાં નીચે પ્રમાણેના છે. આ ચોપડી તેઓના વડોદરા ભંડારમાં રહે છે.

ચંદન મલયાગિરિ ચોપાઇ   કર્તાનું નામ તેમ સવત લખેલાં નથી ગાથા ૧૮૬

ચોવીશી ચોઢાલીઉ   કર્તા શ્રીનેમચંદ સંવત ૧૭૭૩

( સંવત સત્તરાસયે તિહત્તર. )

( હિંદી ) બીજું કર્ત્તા તનજુંરામ ( तनजुराम मुसिद्धि निशिपति मास फागुण शुदिमही )

( હિંદી ) ચોવીશીઆંતરા લુંડીદદાસ ( ससी सिद्ध वसुसर चैत्रवदि.

( હિંદી ) ઇરાવર્ત ચોવિશી લુંડીદદાસ.

જીવણચંદ સાકરચંદ ઝવેરી.

(+ × × ઉપરોક્ત ગોરજી મહારાયને પત્રદ્વારા વિનતિ કરી છે. આશા છે કે તેમના તરફથી માગેલી હકીકત મળશે.) તંત્રી.

( ब )

નીચે પ્રમાણેના રાસો બંને રાસમાળામાં નથી જેની નોંધ લેશો અને ફરી છપાવવાનો પ્રસંગ આવે ત્યારે તે પણ છપાવશો આવિના પણ બીજા નવા મળશે તો આપને જણાવીશ.

| નામ | કર્તા | સાલ | ક્યાં છે |
|---|---|---|---|
| અર્હન્નક મુનિ. | ધનરાજજી. | ...... | ...... |
| જયાનંદ કેવલી, | વાનો કવિ, | ૧૬૮૬ | ડહેલાનો ઉપાશ્રય પુરોહિત પી. પી. શર્મા અમદાવાદ મુદ્રિત. આ. કા. મ. મૌ ૩ શેઠ. દે. લા. પુ. ફંડ. |
| માધવાનલ કામકુંડલા | કુશલલાભ | ...... | પુ. પી. પી. શર્મા અમદાવાદ મુદ્રિત સાહિત્ય માસિક |
| રોટલાનો રાસ. | ...... | ૧૭૧૯ | જુનાગઢ લાધાજી ગોરજી |
| લીલાધર. | સુરજી મુનિ | ૧૭૨૧ લગભગ | શેઠ દે. લા. જૈ. પુતકોદ્ધાર લાયબ્રેરી સુરત. |
| સાત ખેત્ર, | ...... | ૧૩૨૭ | મુદ્રિત બુદ્ધિ સાગર ગ્રન્થ માલા |
| સોહમ કુલ રત્ન-પટ્ટાવલિ | કવિબહાદુર દીપવિજય | ...... | મણિલાલ બકોરભાઈ સુરત અને પ૦ કમળ વિજયજી |
| હરિબળ મચ્છી | જિનહર્ષ | ...... | મુદ્રિત આ. કા. મ. મૌ૦ ૩ ડહેલાનો ઉપાશ્રય. અમદાવાદ. |
| રામચંદ્ર | માણિકયચંદ્ર | ...... | ચંચલભંડાર અમદાવાદ. |
| રસદિપીકા અથવા સીયલવેલ | વીરવિજય | ૧૮૬૨ | પં. કમળવિજય |

| | | | |
|---|---|---|---|
| નવકારરાસ અથવા રાજસિંહ | ગોડીદાસ | ૧૭૫૫ | પં. કમળવિજય |
| રામસીતારાસ | સમયસુન્દર | ૧૮ | પં. કમળવિજય પત્ર ૧૦૫. |
| પ્રદ્યુમ્ન | કમળશેખર | ૧૬૨૬ | પુરોહિત પી. પી. શર્મા કહેલા ઉપાશ્રય |

મારી ધ્યાનથી આને હેરલ્ડમાં ૧ પત્રમાં છપાવી દેશો જે એવી રીતે કે લોકોને ફાડીને તે પત્ર રાસમાલા સાથે રાખવું હોય તો રાખી શકાય તેમજ રાસમાલા જેટલી વધી હોય તેટલીમાં પણ જોડી દેવાય–એટલી વધારે કોપી કઢાવી જોડીજ દેવરાવશો પછી જેમ અનુકુળ.

જીવણચંદ સાકરચંદ.

---

## શ્રીમદ્ યશોવિજયજી કૃત ૧૦૮ બોલ.

**अयतनया चरन् प्रमादानाभोगाभ्यां प्राणिभूतानि हिनस्ति–**

એવું **દશવૈકાલિક સૂત્રની** વૃત્તિમાં કહ્યું છે તે માટે પ્રમાદ અનાભોગ વિના દ્રવ્યહિંસા ન હોય એવી મૂળ યુક્તિ કહે છે તેહજ ખોટી, જે માટે અવશ્ય ભાવે હિંસાના એ કારણ ન કહ્યા, કેવળ અયત્નાને ઉદ્દેશે એ કારણ કહ્યાં, સઘળે એ હેતુ લીજે તો આ કુટ્ટિકાદિક ભેદ ન મીલે. ૬૦

'કેવળીને દ્રવ્યહિંસા હોય તે સર્વ પ્રકાર જાણતાં હિંસાનુંબંધી રૌદ્રધ્યાન હોય' એવું કહે છે તે ખોટું જે માટે એમ કહેતાં દ્રવ્ય પરિગ્રહ છે તેહના સર્વ પ્રકાર જાણતાં સંરક્ષણાનુંબંધી રૌદ્રધ્યાન પણ ન વાપર્યું જાય. ૬૧

પ્રમત્ત સંયત, શુભયોગની અપેક્ષાએ આરંભી, અશુભ યોગની અપેક્ષાએ આરંભી, ભગવત્તી સૂત્રમાં કહ્યા છે ત્યાં શુભયોગ તે ઉપયોગે ક્રિયા અશુભયોગતે અનુપયોગે એવું વૃત્તિમાં કહ્યું છે તે ઉવેખી અશુભ યોગ અપવાદે કહે છે તે પ્રગટ વિરૂદ્ધ, જે માટે જાણી મૃષાવાદ માયા વટ્ટિયા ક્રિયા જાણી અપ્રમત્તને પણ પ્રકટ જણાય છે તથા અપવાદે પણ શાસ્ત્ર રીતિ બૃહત કલ્પાદિકે શુદ્ધતાજ કહી છે તો અશુભયોગ કેમ કહીએ? ૬૨

'આરંભિકી ક્રિયા ૬ ઠા ગુણઠાણે સદા હોય' એવું લખ્યું છે તે ન ઘટે જે માટે અભ્યંતર પ્રમત્તને કાય દુઃપ્રયોગભાવેજ આરંભિકી ક્રિયા **પન્નવણાસૂત્રવૃત્તિ**માં કહી છે. ૬૩

'કેવળીને અપવાદ ન હોયજ' એવું કહ્યું છે તે ન ઘટે જે માટે નિશાહિંડન શ્રુત વ્યવહાર પ્રમાણ રાખવા નિમિત્ત અનેષણીય આહાર ગ્રહણાદિક અપવાદ કેવળીને પણ કહ્યા છે. ૬૪

તે અનેષણિય આહારગ્રહણ કેવળીને સાવદ્ય નથી તે માટે તેહથી અપવાદ ન હોય અને જો છદ્મસ્થ અનેષણિય જાણે તો કેવળી ભોજન ન કરે, કેવળીની અપેક્ષાએ તો વ્યવહાર શુદ્ધિ એમ ન હોય, તે ભણી અત્ર એવરે વત્તી અશુદ્ધ જાણે છે તે ભણી તેહનાં

કર્યો કોહલાપાક; મહાવીરે ન લીધો એવી કલ્પના કરે છે તે પણ નિરર્થક, જે માટે નિશા- હિંડનદિક છદ્મસ્થ દુષ્ટ જાણે છે તો પણ ભગવંતે અપવાદ આદર્યો છે તથા નિષિદ્ધ વસ્તુ લાભ જાણી ઉત્તમ પુરૂષે આદરી તે અદુષ્ટ કહી, અપવાદ ન કહીએ તો અપવાદ ક્યાંએ પણ ન હોય. ૬૫

'જાણીને જીવ ઘાત કરે તેજ આરંભ કહ્યો' એવું કહે છે તે ન મિલે જે માટે એમ કહેતાં એકેન્દ્રિયાક સૂત્રે આરંભી કહ્યા છે તે ન ઘટે. ૬૬

આ ભોગે જીવહિંસા અવશ્ય ભાવીએ પણ યતીને હોયજ, નદી ઉતરતાં જળ જીવ વિરાધના હોય છે તે પણ સચિતતા નિશ્ચય નથી તે ભણી અનાભોગ જન્મ અશક્ય પરિહારે એવું કહે છે તે ન ઘટે જે માટે વ્યવહાર સચિત્તત્તા ન આદરીએ તો સઘળે શંકા ન મીટે તથા નદીમાં અનંતકાય નિશ્ચયે સચિત્ત પણ છે, આગમથી નિશ્ચય થયે પણ દેખ્યા વિના અનાભોગ કહીએ તો વિશ્વાસી પુરૂષે કહ્યા જે વસ્ત્રાદિકે અંતરીત ત્રસજીવ તેની વિ- રાધના પણ અનાભોગ થાય. ૬૭

યતિને અનાભોગમૂલજ હિંસા હોય તેમાં સ્થાવર સૂક્ષ્મ, ત્રસનો અનાભોગ કેવળજ્ઞાન વિના ન ટળે અને કુંથુ પ્રમુખ સ્થૂલ ત્રસનો અનાભોગ ઘણી યત્નાએ ટળે; અતઃએવ નદી ઉતરતાં સંયમ દુરાધન કહ્યો પણ કુંથુની ઉત્પત્તિ થઇ કહી આ તે માટે નદી ઉતરતાં જળજીવને અનાભોગે સંયમ ન ભાજે એવી કલ્પના કરે છે તે ખોટી; જે માટે ત્રસનીપરે સ્થાવરનો આભોગ પણ યતિને કરવો કહ્યો છે, અતઃએવ ૮ સૂક્ષ્માદિક જીવની યતના દશવૈકાલાદિક ગ્રંથે પ્રસિદ્ધ છે. ૬૮

**एजनादिक्रियायुक्तस्यारंभा द्यवश्यंभावाद्यदागमः ।**
**जावणं एस जीवे ए ये वेयइ चलइ फंद ॥**

ઇત્યાદિ યાવદારંભેવ ઇત્યાદિ એવું **પ્રવચન પરીક્ષા** એ લુંપકાધિકારે કહ્યું છે અને **સર્વજ્ઞ શતકે** કેવલીને અવશ્યભાવી પણ આરંભ નિષેધ્યો છે, એ પરસ્પર વિરૂધ. ૬૯

'વિનાપવાદ જાણી જીવઘાત કરે તે અસંયત હોય એવું કહે છે' તે ખોટું જે માટે અપવાદે આભોગે, હિંસાએ પણ જેમ આશય શુદ્ધતાથી દોષ નહી તેમ અપવાદ વિના અશક્ય પરિહાર જીવ વિરાધનાએ પણ આશય શુદ્ધતાએજ દોષ ન હોય નહીં તો વિહારાદિક ક્રિયા સર્વ દુષ્ટ થાય, ૬૯

સિદ્ધાંતથી વિરાધનાનો નિશ્ચય થયે પોતાને અદર્શન માત્ર જો વિહારાદિક ક્રિયામાં જે વિરાધના છે તે અનાભોગેજ કહીએ તો નિરંતર જીવાકુલભૂમિ નિર્ધારી, તિહાં રાત્રિવિહાર કરતાં વિરાધનાનો અનાભોગજ કહેવાય. ૭૦

'નદી ઉતરતાં આભોગે જળજીવ વિરાધના યતિને હોય તો જળજીવઘાતે વિરતિ પરિણામ ખંડિત હોય તે ભણી દેશ વિરતિ થાય જાણીને એક વ્રત ભંગે સર્વ વિરતિ રહે તો સમ્યગ્દષ્ટિ સર્વને ચારિત્ર લેતાં બાધક ન હોય' એવું કહે છે તે ન ઘટે જે માટે નદી ઉતરતાં દ્રવ્ય હિંસાએ આજ્ઞા શુદ્ધપણેજ દોષ નથી. તથા સમ્યગ્દષ્ટિ યોગ્યતા જાણીનેજ ચારિત્ર આદરે, જેમ વ્યાપારી વ્યાપાર પ્રતે, પછે થોડી ખોટી હોય અને સંભાળી લે તો બાધા નહી પણ પહેલાં ખોટી જાણી કોઇ સઘળો વ્યાપાર આદરે નહી તે પ્રીછવું. ૭૧

'અપવાદે જીનનો ઉપદેશ હોય પણ વિધિમુખે આદેશ ન હોય એવું કહે છે' તે ખોટું જે માટે છેદ ગ્રંથે અપવાદે ઘણાં વિધિવચન દીસે છે. ૭૨

'વસ્ત્રે ગળ્યુંજ પાણી પીવું ઇહાં પીવાનો સાવદ્યપણા માટે વિધિ નહીં પણ ગળવાનોજ વિધિ' એવું કહે છે તે ન મીલે જે માટે ગાળઓ પાણી પણ શાસ્ત્રે કહ્યું છે. યતઃ

**उस्सिचणमालण धोअणे य उवगरणकोस भंडेयं**

**बायर आ उक्काए, एयंतु समासओ सत्थं ॥**

**इति आचारांग सूत्रस्य निर्युक्ते । ७३**

'દ્રવ્યહિંસાએ દ્રવ્યથીજ હિંસાનું પચ્ચખાણ ભાંગે' એવું કહે છે તે ન ઘટે, જે માટે ધર્મોપકરણ રાખતાં દ્રવ્યથી પરિગ્રહનું પચ્ચખાણ ભાંગે એવું દિગંબરે કહ્યુ છે તિહાં **વિશેષાવશ્યકે** દ્રવ્ય, ક્ષેત્ર કાળથી ભાવનુંજ પચ્ચખાણ હોય પણ કેવળ દ્રવ્યથી ભંગ ન હોય એ રીતે સમાધાન કર્યું છે. ૭૪.

**શ્રાવક પ્રતિક્રમણ સૂત્ર વૃત્તિમાં** હિંસાની ચૌભંગીમાં દ્રવ્યથી તથા ભાવથી ન. હિંસા, મનોવાક્કાય, શુદ્ધ સાધુને એ ભાંગો કહ્યો છે તેનો સ્વામી ૧૩ માં ગુણઠાણાનો ધણીજ, જે ફલાવે છે અને ૧૪ મા ગુણઠાણાનો ધણી નિષેધે છે. મન, વચન, કાયયોગ વિના તેથી શુદ્ધ ન કહેવાય જેમ વસ્ત્રવિના વસ્ત્રે શુદ્ધ ન કહીએ તે જાણી તે ખોટું. જેમ, જળસ્નાનને જળનું સંસર્ગ ટળ્યા પછી પણ જળે શુદ્ધ કહીએ તેમ અયોગીને યોગ ગયા પછી પણ યોગે શુદ્ધ કહીએ, તે માટે સાધુ સર્વને જે વારે દ્રવ્યહિંસા ગુપ્તિદ્વારાએ ન હોય તે વારે ૪ થો ભાંગો ઘટે. ૭૫

'દ્રવ્યહિંસા દોષ સ્વરૂપ કહીએ' એવું કહે છે તે ન ઘટે. જે માટે

**समितस्येर्या समीतावुपयुक्तस्ययाहत्य कदाचिंदपिहिंसा भवेत्सा द्रव्यतो हिंसा, इयंच प्रमादयोगाभावान्नत्व तेहिं सैव मंतव्या "प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा" ( तत्त्वार्थ ) इतिवचनात्**

એ **બૃહત્ કલ્પની** વૃત્તિવચને અપ્રમત્તને દ્રવ્યથી હિંસા તે અહિંસાજ જણાય છે, ૭૬

**બૃહત્ કલ્પની ભાષ્ય વૃત્તિમાં** વસ્ત્ર છેદનાદિ વ્યાપાર કરતાં જીવહિંસા હોય, જે માટે જ્યાં ત્યાં જીવ ચાલે હાલે ત્યાં આરંભ હોય એવું **ભગવતી સૂત્રમાં** કહ્યું છે એવું પ્રેરકે કહ્યું તે ઉપર સમાધાન કરતાં આચાર્યે એ **ભગવતી સૂત્રના** આલાવાનો અર્થ ભિન્ન ન કહ્યો; કેવળ એમજ કહ્યું જે આજ્ઞા શુદ્ધને દ્રવ્યથી હિંસા તે હિંસામાંજ ન ગણીએ, **यतः**

**यदेवं योगवन्तं छेदनादि व्यापारवन्तं जावं हिसकं भाषसे तन्निश्रीयते सम्यक् सिद्धान्त मजानत एवं प्रलापः सिद्धान्तें योगमात्र प्रत्ययादेवन हिंसोपवर्ण्यते अप्रमत्त संयतादीनां सयोगिकेवलिपर्यन्तानां योगवतामपि तद्भावात् इत्यादि तथाऽत्रेचाद्य भंग्रे हिंसायां व्याप्रियमाणकाययोगेपि भावत उपयुक्त तस्य भगवद्भिरहिंसक एवोक्त इत्यादि.**

એણે કરી જે એમ કહે છે કે વલીના યોગથી દ્રવ્યહિંસા ન હોય તેના મતે અપ્રમત્તના યોગથીજ દ્રવ્યહિંસા ન હોવી જોઇએ, જે માટે પહેલે ચોથે ભાંગે કરી અપ્રમત્તાદિક સયોગી કેવલી ( તાંઇ ) ત્યાં સુરખાજ જાણ્યા છે. તથા અપ્રમતનેજ દ્રવ્યહિંસા કહી તેને કરી (તેથી) પ્રમત્ત સંયમને પણ જે દ્રવ્યહિંસા કરે છે તે સિદ્ધાંત વિરૂદ્ધ; ઇત્યાદિક ઘણું વિચારવું (૭૭)

**जावं चणं एसजीवे सया समीए य इठे यइ जावतं तं भावं परिणमइ तावं चणं एसजीवे आरंभइ समारंभइ**

ઇત્યાદિક ભગવતી મંડિ પુત્રના આલાવામાં

**इह जीव ग्रहणेऽपि सयोग एवासौ ग्राह्योऽयोगस्ये जनादेरसंभवात् ।**

એ વૃત્તિ વચન ઉલ્લંધીને સયોગીજીવ કેવલિ વ્યાધૃતૈરિક્ત લેવો એવું લખ્યું છે તે પ્રકટ હઠ જણાય છે. ૭૮

જ્યાં ત્યાં એજનાદિ ક્રિયા ત્યાં ત્યાં આરંભાદિક કનો નિયમ ન ઘટે તે માટે આરંભાદિક શબ્દે યોગજ કહીએ, યોગ હોય ત્યાં ત્યાં અંત ક્રિયા ન હોય એવો એ સૂત્રનો અભિપ્રાય એવું કહે છે તે અપૂર્વજ પંડિત, જે માટે એ અર્થ વૃત્તિમાં નથી તથા આરંભાદિક અન્યતર નિયમને અભિપ્રાયે સુત્રે વિરોધ પણ નથી, એ રીતીના સૂત્ર બીજાંએ દીસે છે **तथाहिं जावणं एस जीवे सया समिथं एयइ जावततं भावं परिणमइ तावणं अठविह बंध एवा सत्तविहबंध एवा छव्विह बंध एवा एगविह बंध एवा नोणं अबन्धणा।**

ઇત્યાદિક તથા આરંભાદિક ત્રણ શબ્દે એક યોગનો અર્થ એ પણ સંભવે ઇત્યાદિ વિચાર છે. ૭૯

**तस्मात्साक्षाज्जीवघातलक्षण आरंभो नांताक्रिया प्रतिबन्धक स्तदभावेऽन्तक्रियाया अभणनात् प्रत्युतात्रिका पुत्राचार्य गजसुकुमालादि दृष्टान्ते न सत्यामपि जीवविराधनायां केवल ज्ञानान्ताक्रिय योजायिमानत्वात् कुतस्तत्प्रतिबंधकत्व शंकापि—**

એવું **સર્વજ્ઞ શતક**માં લખ્યું છે તે પ્રકટ સ્વમત વિરૂદ્ધ. ૮૦

**शैलेश्यवस्थायां मशकादीनां कायसंस्पर्शेन प्राण त्यागेपि पञ्च धोपादान कारण योगाभावान्नास्तिबन्ध उपशान्तक्षीणमोह सयोगीनां स्थिति निमित्त कषायाभावा त्सामयिक–इत्यादि** આચારાંગ સૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે

**सेलेसि पडिवन्नस्स । जे सत्ता फरिसं पप्पउद्दाद्यंति मसगादि । तत्थ कम्म बंधो नत्थि सजोगिस्स कम्मबंधो दोसमया ।**

એવું **આચારંગ સૂત્રની ચૂર્ણિમાં** કહ્યું છે તિહાં ચઉદમે ગુણઠાણે યોગ નથી, તે માટે તિહાં કેવલિકર્તૃક મશકાદિવધ ન હોય, પણ મશકાદિકર્તૃકજ હોય, તત્‌ગતોપાદાન

કર્મબંધ કાર્ય કારણભાવ, પ્રપંચને અર્થે એ ગ્રંથ છે એવી કલ્પના કહે છે તે ખોટી, જે માટે સામાન્યથી સાધુને અવશ્ય ભાવિ જીવ ઘાતને અધિકારેજ એ ગ્રંથ ચાલ્યો છે તથા ચૌદમે ગુણઠાણે મશકાદિ કર્તૃકજ મશકાદિઘાત કહીએ, તો પહેલાં પણ તેવોજ તે હોય, યુક્તિ સરખી છે. તે માટે મોહનીય કર્મ હોય તિહાં તથા જીવઘાત કર્ત્તા કહીએ એ વચન પણ પ્રામાણિક નહીં, જે માટે પ્રમાદિજ પ્રાણાતિપાતકર્તા કહ્યો છે ઇત્યાદિક ઇહાં ઘણું વિચારવું. ૮૧

પ્રાયે અસંભવી કદાચિત્ સંભવે તેર અવશ્ય ભાવિ કહીએ એવો દ્રવ્યવધ અનાભોગે છદ્મસ્થ સંયતને હોય પણ કેવળીને ન હોય ' એવું કહે છે તે ન ઘટે, જે માટે અનેભિમતપણે પણ અવર્જનિય તે અવસ્યભાવિ કહીએ તેવો દ્રવ્યવધ અનાભોગ વિના પણ સંભવે, જેમ યતિને નદી ઉતરતાં. ૮૨

કેવળીના યોગજ જીવરક્ષાનું કારણ એવું કહે છે તેના મતે ચૌદમે ગુણઠાણે જીવરક્ષા કારણ યોગ ગયા, તે માટે હીનપણું થયું જોઇએ. ૮૩

કેવળીને બાદર વાયુકાય લાગે તે વારે તથા નદી ઉતરતાં અવશ્ય ભાવિની જીવવિરાધના થાય તીહાં જે એવું કલ્પે છે. બાદર વાયુકાય અચિત્તજ કેવળીને લાગે તથા નદી ઉતરતાં કેવળીને જળ અચિત્તપણેજ પરિણામે તીહાં કોઇ પ્રમાણ નથી, કેવળી યોગનોજ એવો અતિશય કહીએ તો ઉલંઘન, પ્રલંઘન, પ્રતિલેખનાદિ વ્યાપારનું નિરર્થકપણું થાય. ૮૪

એણેજ કરી એ કલ્પના નિષેધી જે કેવળી ગમનાદિ પરિણન્તિ હોય તેવારે આપેજ કીડી પ્રમુખ જીવ ઓસરે અથવા ઓસર્યાજ હોય પણ કેવળીની ક્રિયાએ પ્રેરી ક્રિયા ન કરે જે માટે એમ કહેતાં જીવાકુળ ભૂમિ દેખી કેવળીને ઉલંઘનાદિ વ્યાપાર **પન્નવના સૂત્રમાં** કહ્યો છે તે ન મિલે ત્યાં વસ્ત્રપ્રતિલેખના પણ ન મિલે. ૮૫

**अभयदयाणं** એ સૂત્રની મેળે (પ્રમાણે) ભગવંતના શરીરથી જીવને સર્વથા ભય ન ઉપજે એવું કહે છે તે ન મીલે, જે માટે ભગવંત વસ્ત્રાદિકથી જીવ અલગા મુકે તેને ભયવિના અપસરણ ન સંભવે તથા **अभयदयाणं** એ વચને કેવળીના શરીરથી કોઇને ભય ન ઉપજે એવું કલ્પીએ તો (**मन्तामतिम अभयं विदित्ता**) ઇત્યાદિક સૂત્રની મેળે યત્તિ માત્રના શરીરથી જીવને ભય ઉપજવો ન ઘટે. ૮૬

શ્રી વર્ધમાનને દેખી હાલી નાઠો ત્યાં કોઇ એમ કલ્પના કરે છે જે તીહાં હાલીના યોગ કારણ પણ ભગવંતના યોગ કારણ નહીં તે અતી ખોટું જે માટે ભગવંત (**दठण घमघमेइ**) એવું **વ્યવહાર ચૂર્ણિમાં** કહ્યું છે તેને અનુસારે ભગવંતના યોગજ તિહાં કારણ જણાય છે તથા અન્યકર્તૃક ભય ૧૩ મે ગુઠાણે હોય તો ૧૪ માં ગુણઠાણાની પરે અન્યકર્તૃક હિંસા પણ હોવી જોઇએ તેતો સ્વમતવિરૂદ્ધ. ૮૭

**सव्वजीयाण महिंस** ઇત્યાદિક સૂત્રની મેળે જે કેવળીને અવશ્ય ભાવિની હિંસા ઉથાપે છે તેને મને **हिंसाइदोसमुत्ता** ઇત્યાદિક સૂત્રની મેળે સામાન્ય સાધુને પણ તે ઉથાપી જોઇએ. ૮૮

જળ ચારણાદિક લબ્ધિમંત યતિને જળાદિકમાં ચાલતાં જલાદિક જીવનો ઘાત જો ન હોયતો સર્વ લબ્ધિસંપન્ન કેવળીને તે કેમ હોય એવું કહે છે તે ન ઘટે, જે માટે લબ્ધિફળ સર્વ કેવળીને છે, તો પણ લબ્ધિ પ્રયોગ નથી. ૮૯

ઘાતિ કર્મક્ષયથી ઉપનો જીવ રક્ષા હેતુ લબ્ધિ પ્રયુંજ્યાવિના જો કેવળીને હોય એવું માને છે તેને મત્તે ૧૪ મે ગુણઠાણે મસકાદિ કર્તૃક મશકાદિવધ માન્યા છે તે પણ ન મિલે, નહીં તો ૧૩ મે ગુણઠાણે પણ તેવો તે માન્યો જોઇએ. ૯૦

દ્રવ્યહિંસાએ કેવલીને ૧૮ દોષ રહિતપણું ન ઘટે એવું કહે છે તેહને મતે દ્રવ્ય પરિગ્રહે છતાં પણ ૧૮ દોષ રહિતપણું ન મિલે. ૯૧

પ્રાણાતિપાત મૃષાવાદાદિક, છદ્મસ્થલિંગ મોહનીય અનાભોગમાં એકે વિના ન હોય તે માટે ૧૨ મે ગુણઠાણે મૃષાભાષા **કર્મ** ગ્રંથાદિકમાં કહી છે તે સંભાવનારૂઢ જાણવી એવું કહે છે તેને પુછવું જે દ્રવ્યભાવ વિના સંભાવનારૂઢ ત્રીજો ભેદ કિહાં કહ્યો છે? કાળશૂક-રિકને કલ્પિત્ત હિંસાની પેરે ૯ સંભાવનારૂઢ મૃષાવાદ લેવો એવું લખ્યું છે તેને અનુસારે તો અંતરંગભાવ મૃષાવાદજ ૧૨ મે ગુણઠાણે આવે. ૯૨

પ્રતિલેખના પ્રમાર્જનાદિક ક્રિયા ક્ષુદ્રજંતુ ભયોત્પાદકપણે અપવાદ કલ્પ કહીએ તે છદ્મસ્થનું લિંગ કેવળીને નહોય એવું કહેછે તે નઘટે જે માટે ઉત્સર્ગ અપવાદ ટાળી ત્રીજો અપવાદ ટાળી ત્રીજો અપવાદ કલ્પ કીહાંએ કહ્યો નથી, ઇચ્છાએ ત્રણભેદ કલ્પીએ ઉત્સર્ગ કલ્પનામાં ચોથો ભેદ કલ્પતાં પણ કોણ ના કરે? તથા કેવલી વ્યવહાર અનુસારે પ્રતિ-લેખનાદિક ક્રિયાપણ કેવળીને છે તે પ્રીછવું (૯૩)

બિલવાસી મનુષ્યપણ જાતિસ્મરણાદિકમાં સભક્ષણ અતિનિંદિત જાણી પરીહરે છે, તે માટે માંસભક્ષણથી સમ્યક્ત્વનો નાશજ હોય એવું લખ્યું છે તે ન ઘટે જે માટે માંસ ભ-ક્ષણની પરે પરદારાગમન પણ મહાનિંદિત છે તેથી સત્યકી વિદ્યાધર પ્રમુખને જો સમ્યક્ત્વ ન જાય; તિહાં બાધક નથી. (૯૪)

માંસાહાર નરકાયુબંધસ્થાનક છે તે માટે તેને અનિવૃતિ સમ્યક્ત્વ નહોયજ એવું લખ્યું છે તે ન ઘટે, જેમાટે મહારંભ, મહાપરિગ્રહાદિક પણ નરકાયુબંધ સ્થાનક છે, તેની અનિવૃત્તિ પણ જેમ કૃષ્ણાદિકને સમ્યક્ત્વ છે તેમ માંસભક્ષણની અનિવૃત્તિ પણ સમ્યક્ત્વ હોય તેમાં બાધક નથી (૯૫)

**तएणं से दुवए राया कंपिल्लपुरं णगरं अणुप्पविसइ, अणुप्पविसित्ता वि-उलं असणं पाणं खाइमं साइमं उवखडावेइ उवखडावित्ता कोडुंविवयं पुरिसे सद्दावेइ सद्दावित्ता एवं वयासी गच्छहणं तुह्मे (ज्मे) देवाणुप्पिया विउलं अ-सण पाण खाइम साइम सुरमज्जं मंस पसन्नंच सुबहु पुप्फ फल वत्थ गन्ध मल्ला लंकार वासुदेव प्पामोखाणं रायसहस्सणं आवासेसु साहरह ते विसाहरंति तएणं ते वासुदेवप्पा मोखा विउलं असणं जाव पसन्नं आसाएमाणं विहरंति ॥**

એ **ષષ્ટાંગ સૂત્ર** વર્ણન માત્ર લખ્યું છે એમ સદહતાં નાસ્તિકપણું થાય જે માટે સ્વર્ગાધ્વાદિ સૂત્રપણ વર્ણનમાત્ર કહેતાં કોણ ના કહે? (૯૬)

એ સૂત્રમાં વાસુદેવને માંસ પરિભોગ તે આજ્ઞા દ્વારાએ જાણવો. આજ્ઞા પણ તે તે અધિકારીની દ્વારાએ પણ સાક્ષાત નહીં એવી કલ્પના કરી છે તે ન ઘટે, જે માટે આ સ્વા-દન ક્રિયાનો અન્વય્ વાસુદેવ પ્રમુખને કહ્યો છે તેમાંથી વાસુદેવને આજ્ઞાદ્વારાએ આસ્વાદન ક્રિયાનો અન્વય કહીએ તો વાક્ય ભેદ થાય એવી કલ્પના શાસ્ત્રજ્ઞ ન કરે (૯૭.)

વિધિ પ્રતિષ્ઠિતજ પ્રતિમા જુહારવી તે તપાગચ્છનીજ પણ ગચ્છાન્તરની નહીં એવું કહે છે તે ન ઘટે જે માટે પ્રતિષ્ઠાદિકનો સર્વ વિધિ જોતાં હવડા (હમણાં) પ્રતિમા વંદનનું દુર્લભપણું હોય તથા શ્રાદ્ધ વિધિમાં આકાર માત્રે સર્વ પ્રતિમા વાંદવાના અક્ષર પણ છે; અવિધિ ચૈત્યવાંદતા પણ વિધિ બહુમાનાદિક હોય તો અવિધિ દોષ નિરનુબંધ હોય ઇત્યાદિક શ્રી હરિભદ્ર સૂરિના ગ્રંથને અનુસારે જાણવું. ૯૮

ગચ્છાન્તરનો વેષધારી જેમ વાંદવા યોગ્ય નહી તેમ ગચ્છાન્તરની પ્રતિમા વાંદવા યોગ્ય નહીં એવું કહે છે તે ન ઘટે જે માટે લિંગમાં ગુણ દોષ વિચારણા કહી છે પણ પ્રતિમા સર્વ શુદ્ધ રૂપજ કહી. **यत:**

**जइवियपडिमा उजह मुणिगुण संकप्पकारणं लिंगं**

**उभयमावि अत्थि लिंगे, णयपडिमा सूभयं आत्थि ।।१।।**

**वन्दनकनिर्युक्तौ. ९९**

**जाजय माणस्स भवे, विराहणा सुत्तविहि समग्गस्स ।**

**साहोइ णिज्जरफला, अज्झत्थवि सोहिजुत्तस्स ॥**

એ ગાથામાં અપવાદ પદ પ્રત્યય વિરાધના નિર્જરાહેતું હોય એવું પિંડ **નિર્યુક્તિ વૃત્તિ**માં વિવર્યું છે તે ઉવેખી તે જે એમ કલ્પે છે જે ઇહાં વિરાધના પ્રતિબંધક નથી, જીવઘાત પરિણામ જન્યપણાને અભાવે વર્જનાભિપ્રાયોપાધિની અપેક્ષાએ દુર્બલ છે તે વતી તે ખોટું, જે માટે એ કલ્પનાએ કદાચિત અનાભોગ હિંસા અદુષ્ટ આવે પણ અપવાદની હિંસા અદુષ્ટ ના આવે, તિંવારે (ત્યારે) **મલય** ગિરિ આચાર્યના વચન સાથે વિરોધ થાય તે વિચારવું. ૧૦૦

દુષ્ટ મંડળને વિશે જે સાધુ દીસે છે તપાગચ્છના, તે ટાળી બીજે ક્ષેત્રે સાધુ નથી એવું કહે છે તે ન મીલે, જે માટે **મહાનિસીથ** દુઃષમા સ્તોત્રાદિકને અનુસારે ક્ષેત્રાંતરે સાધુ સત્તા સંભવે એવું પરમગુરૂનું વચન છે. ૧૦૧

ઇત્યાદિક ઘણા બોલ વિચારવાના છે તે સુવિહિત ગીતાર્થના વચનથી નિર્દ્ધારીને સમ્યક્ત્વની દૃઢતા કરવી.

ઇતિ શ્રી ૧૦૮ બોલ ઉપાધ્યાય શ્રી **જસવિજય** ગણિકૃત સંપૂર્ણ.

સંવત ૧૭૪૪ વર્ષે ચૈત્ર વદિ ૧૦ વાર રવી દિને લખીત શ્રીરાજનગર મધ્યે મંગલમસ્તુ। ગણિશ્રીઋદ્ધિવિમલ તત્‌શિષ્ય મુનિ કીર્ત્તિવિમલ લખાપિતમ્ ભદ્રં સંઘને ॥

## શ્રી જૈન શ્વેતાંબર એજયુકેશન બોર્ડ.

તા. ૨૭-૧૨-૧૪ ના રોજ લેવાએલ.

### શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષાનું પરીણામ.

ધોરણ ૧ લું.

| નંબર | નામ | સેન્ટર | માર્કસ | ઇનામ. |
|---|---|---|---|---|
| ૧ | ત્રીભોવન દલીચંદ | ૮૮ | મેહસાણા | રૂ. ૨૧ |
| ૨ | સૌભાગ્યચંદ મુળચંદ શાહ | ૮૬ | ધીણોજ | ૧૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | પુરૂશોતમ જયમલ મ્હેતા | ૮૪ | સુરત | ૧૫ |
| ૪ | બેચરદાસ હકમચંદ દોશી | ૮૨ | મેહસાણા | ૧૧ |
| ૫ | જેઠાલાલ ઝવેરદાસ | ૭૮ | લીંચ | ૯ |
| ૬ | મણીલાલ નેમચંદ કાપડીઆ | ૭૪ | સુરત | ૭ |
| ૭ | શકરચંદ છગનલાલ | ૭૨ | મેહસાણા | ૫ |
| ૮ | આલમચંદ ડાહ્યાભાઈ મ્હેતા | ૭૦ | સુરત | ૩ |
| ૯ | અમૃતલાલ મોહનલાલ શાહ | ૭૦ | ભાવનગર | ૨ |
| ૧૦ | લાલચંદ દેવરાજ | ૫૫ | પાલીતાણા | ૨ |
| ૧૧ | ચુનીલાલ ભાઇચંદ | ૫૩ | પાલીતાણા | |
| ૧૨ | મફાલાલ અમૃતલાલ | ૫૨ | ઝીંઝુવાડા | |
| ૧૩ | પ્રેમચંદ ત્રીકમદાસ | ૪૯ | વડસમા | |
| ૧૪ | પોપટલાલ વછરાજ | ૪૮ | પાલીતાણા | |
| ૧૫ | નેમચંદ ડાહ્યાભાઈ | ૪૫ | અમદાવાદ | |
| ૧૬ | સોમચંદ ગીરધરદાસ | ૪૫ | વડસમા | |
| ૧૭ | સોમાભાઇ રાયજીભાઇ | ૪૪ | મેહસાણા | |
| ૧૮ | લાલચંદ ગણેશ શાહ | ૩૬ | પાલીતાણા | |
| ૧૯ | હીરાચંદ નરશી મ્હેતા | ૩૪ | અમરેલી | |
| ૨૦ | ભગવાનજી લક્ષ્મીચંદ | ૩૩ | ,, | |
| ૨૧ | જમનાદાસ જાદવજી ધ્રુ | ૩૩ | ,, | |

## ધોરણ ૨ જું અ.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | અમૃતલાલ મોહનલાલ શાહ | ૮૫ | ધીણોજ | ૨૧ |
| ૨ | સોમાભાઇ હાથીભાઇ પટેલ | ૭૯ | મેહસાણા | ૧૫ |
| ૩ | ચીમનલાલ નહાલચંદ શાહ | ૭૮ | ધીણોજ | ૯ |
| ૪ | હરગોવીંદ નથુચંદ શાહ | ૭૭ | ,, | ૫ |
| ૫ | મણીલાલ સોમચંદ શાહ | ૭૩ | સુરત | |
| ૬ | ઉમેદ અમથાલાલ શાહ | ૭૩ | લીંચ | |
| ૭ | મોહનલાલ દીપચંદ ચોકસી | ૭૨ | ખંભાત | |
| ૮ | ચુનીલાલ હંસરાજ ચૌહાણ | ૭૨ | મુંબઈ | |
| ૯ | નથુભાઇ લલ્લુચંદ શાહ | ૭૨ | ધીણોજ | |
| ૧૦ | વેણીચંદ મયાચંદ શાહ | ૭૨ | વડસમા | |
| ૧૧ | હીરાલાલ વાડીલાલ શાહ | ૬૯ | અમદાવાદ | |
| ૧૨ | ભુદરભાઇ ડાહ્યાચંદ શાહ | ૬૮ | ધીણોજ | |
| ૧૩ | ચીમનલાલ નથુભાઇ શાહ | ૬૬ | ,, | |
| ૧૪ | સોમચંદ છોટાલાલ ચોકસી | ૬૬ | ખંભાત | |
| ૧૫ | દલીચંદ હરખચંદ વહોરા | ૬૪ | ઝીંઝુવાડા | |
| ૧૬ | કેશવલાલ જીવરામ શાહ | ૬૩ | વડસમા | |
| ૧૭ | મુળચંદ ભીખાચંદ શાહ | ૬૨ | ધીણોજ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮ | નગીનચંદ જગજીવનદાસ | ૬૦ | સુરત | |
| ૧૯ | મણીલાલ ફુલચંદ શાહ | ૫૯ | ઝીંઝુવાડા | |
| ૨૦ | કેશવલાલ મંગળચંદ | ૫૮ | મુંબઇ | |
| ૨૧ | મૂળચંદ મનસુખભાઈ શાહ | ૫૮ | ખંભાત | |
| ૨૨ | મેઘજી વેલજી શાહ. | ૫૫ | મુંબઈ | |
| ૨૩ | ભાઇલાલ કેશવલાલ શાહ | ૫૧ | ,, | |
| ૨૪ | જેઠાભાઇ વેલજી ડાઘા | ૫૦ | ,, | |
| ૨૫ | જંબુભાઇ દલસુખભાઈ શ્રોફ | ૫૦ | ખંભાત | |
| ૨૬ | ખેતશી લલ્લુભાઇ વોરા | ૪૯ | ઝીંઝુવાડા | |
| ૨૭ | નાગસી ભવાનજી | ૪૮ | મુંબઇ | |
| ૨૮ | વીરચંદ માનચંદ શાહ | ૪૭ | મેહસાણા | |
| ૨૯ | લધુ હીરજી ભગત | ૪૪ | મુંબઇ | |
| ૩૦ | મણીલાલ કસ્તુરદાસ દોશી | ૪૦ | ઝીંઝુવાડા | |
| ૩૧ | છગનલાલ દેવશીભાઈ શાહ | ૩૩ | અમદાવાદ | |
| ૩૨ | ભગવાનદાસ જેશંગલાલ શાહ | ૩૩ | મુંબઇ | |
| ૩૩ | દેવશી વેરશી શાહ | ૩૩ | ,, | |

## ધોરણ ૨ જું. બ.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | હરખચંદ શીવલાલ શાહ | ૮૧ | મેહસાણા | ૨૧ |
| ૨ | બબલદાસ ભાઇચંદ શાહ | ૮૦ | વડસમા | ૧૫ |
| ૩ | ગુલાબચંદ વાઘજી દોશી | ૭૯ | મેહસાણા | ૯ |
| ૪ | ત્રીભોવન લાલચંદ શાહ | ૫૫ | , | ૫ |
| ૫ | હીરાલાલ ચુનીલાલ શાહ | ૫૨ | અમદાવાદ | |
| ૬ | છબીલદાસ પોપટલાલ શાહ | ૫૦ | મેહસાણા | |

## ધોરણ ૩ જું.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મગનલાલ વર્ધમાન ઝવેરી | ૫૬ | વઢવાણ શેહેર | ૨૫ |
| ૨ | ચંદુલાલ સારાભાઇ મોદી | ૫૫ | મુંબઇ | ૧૫ |
| ૩ | શીવલાલ લવજી શાહ | ૪૩ | વઢવાણ શેહેર | |
| ૪ | નારણ ખીમચંદ શાહ | ૪૦ | મેહસાણા | |
| ૫ | કસ્તુરચંદ ભીખાચંદ શાહ | ૪૦ | ધીણોજ | |
| ૬ | જેચંદ ઝવેરચંદ દોશી | ૩૭ | અમરેલી | |
| ૭ | મનસુખ હરખચંદ | ૩૬ | મોરબી | |
| ૮ | સોમચંદ પીતાંબર સંઘવી | ૩૪ | વઢવાણ શેહેર | |
| ૯ | ભોગીલાલ તારાચંદ મેતા | ૩૪ | અમરેલી | |

## ધોરણ ૪ થું.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | હાથીભાઇ મથુરભાઇ | ૭૩ | મેહસાણા | ૩૦ |
| ૨ | લક્ષ્મીચંદ હરજીવનદાસ | ૫૮ | વડસમા | ૨૦ |

### ધોરણ ૫ મું. अ

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | રમણીકલાલ મગનલાલ મોદી | ૮૭॥ | મુંબઇ | ૩૦ |
| ૨ | વાડીલાલ ડાહ્યાભાઈ | ૩૮॥ | બનારસ સીટી | |

### ધોરણ ૫ મું. ब

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | દેવચંદ ખીમચંદ શાહ | ૫૨॥ | ભાવનગર | ૩૦ |
| ૨ | રતીલાલ ત્રીભોવન | ૪૬॥ | ,, | |
| ૩ | જાદવજી ગોબર | ૪૨ | ,, | |
| ૪ | શાંતિલાલ હરગોવીંદ | ૩૮ | મેહસાણા | |
| ૫ | મોહનલાલ નાનચંદજી | ૩૩ | મુંબઇ | |

### ધોરણ ૫ મું. क

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ભગવાનદાસ મીઠાભાઇ | ૬૦ | મેહસાણા | ૨૦ |
| ૨ | પ્રભુદાસ દીપચંદ શાહ | ૫૯ | બનારસ સીટી | ૧૦ |

### ધોરણ ૫ મું. ड

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મી. લાલચંદ ભગવાન | ૫૦ | બનારસ સીટી | ૩૦ |

### ધોરણ ૫ મું. ई

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મણીલાલ અમીચંદ | ૫૬ | ગોધરા | ૧૧ |
| ૨ | પ્રેમચંદ અભેચંદ પટેલ | ૫૬ | પાલીતાણા | ૧૦ |
| ૩ | સુરસલાલ રવજીભાઇ | ૫૨ | ઝીંઝુવાડા | ૯ |
| ૪ | કેશવલાલ જીવણચંદ | ૪૯ | બનારસ સીટી | |
| ૫ | ઇશ્વરલાલ પોપટલાલ | ૩૫ | ઝીંઝુવાડા | |

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

### તા. ૨૭-૧૨-૧૪ ના રોજ લેવાયેલ.

### બાઈ રતન (શેઠ ઉત્તમચંદ કેશરીચંદનાં પત્નિ) શ્રી જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષાનું પરીણામ.

### અવિવાહિત કન્યાઓનું ધોરણ ૧ લું.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | બેન ચંપા ડાહ્યાભાઇ | ૭૫ | અમદાવાદ | રૂ. ૧૫ |
| ૨ | ,, સાતા ચમનલાલ | ૭૨ | ,, | ૮ |
| ૩ | ,, ભુરી મગનલાલ | ૭૧ | સુરત | ૭ |
| ૪ | ,, મણી નથુભાઇ | ૭૦ | ધીણોજ | ૬ |
| ૫ | ,, શકરી ચુનીલાલ | ૬૮ | ખંભાત | ૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | બેન | હીરા ધર્મચંદ | ૬૬ | ધીણોજ | ૪ |
| ૭ | ,, | મણી મોતીચંદ | ૬૫ | ,, | ૩ |
| ૮ | ,, | લીલાવતી મોતીચંદ | ૬૪ | સુરત | ૨ |
| ૯ | ,, | ઘેલી સવચંદ | ૬૧ | ઝીંઝુવાડા | |
| ૧૦ | ,, | મોતી પોપટલાલ | ૫૯ | કપડવંજ | |
| ૧૧ | ,, | હીરી ચમનલાલ છોટાલાલ | ૫૯ | અમદાવાદ | |
| ૧૨ | ,, | જાસુદ ચુનીલાલ | ૫૭ | ,, | |
| ૧૩ | ,, | લલીતા ફુલચંદ | ૫૭ | સુરત | |
| ૧૪ | ,, | તારાગૌરી હીરાભાઇ | ૫૬ | ,, | |
| ૧૫ | ,, | સુભદ્રા બાલાભાઈ | ૫૫ | અમદાવાદ | |
| ૧૬ | ,, | લીલાવંતી મોતીલાલ | ૫૫ | ,, | |
| ૧૭ | ,, | મણી ફુલચંદ | ૫૪ | ખંભાત | |
| ૧૮ | ,, | ચંદ્રમણી લખુભાઈ | ૫૪ | અમદાવાદ | |
| ૧૯ | ,, | હીરા મણીલાલ | ૫૧ | ધીણોજ | |
| ૨૦ | ,, | મંગળ ચુનીલાલ | ૪૯ | ખંભાત | |
| ૨૧ | ,, | તારાગૌરી ફતેચંદ | ૪૮ | સુરત | |
| ૨૨ | ,, | મહાલક્ષ્મી સાંકળચંદ | ૪૮ | અમદાવાદ | |
| ૨૩ | ,, | અંબા હીરાચંદ | ૪૭ | સુરત | |
| ૨૪ | ,, | સૂરજ કાનજી | ૪૪ | વઢવાણ શેહેર | |
| ૨૫ | ,, | સમુ ઝુંઝાભાઇ | ૪૪ | ઝીંઝુવાડા | |
| ૨૬ | ,, | કમળી ઉજમશીભાઈ | ૪૪ | ખંભાત | |
| ૨૭ | ,, | સમરત જીવરાજ | ૪૩ | પાલીતાણા | |
| ૨૮ | ,, | ચંપા છોટાલાલ | ૪૩ | ખંભાત | |
| ૨૯ | ,, | માણેક સૂરજમલ | ૪૩ | અમદાવાદ | |
| ૩૦ | ,, | માણેક મહાસુખરામ | ૪૩ | ,, | |
| ૩૧ | ,, | વસંત મણીલાલ | ૪૨ | ઝીંઝુવાડા | |
| ૩૨ | ,, | લીલી ભોગીલાલ | ૪૨ | અમદાવાદ | |
| ૩૩ | ,, | લીલાવંતી જેઠાલાલ | ૪૧ | ,, | |
| ૩૪ | ,, | બબુ વીરચંદ | ૪૧ | ,, | |
| ૩૫ | ,, | સુભદ્રા મણીલાલ | ૪૦ | ,, | |
| ૩૬ | ,, | હીરી કેશવલાલ | ૪૦ | ,, | |
| ૩૭ | ,, | ચંપા ચુનીલાલ | ૩૯ | ,, | |
| ૩૮ | ,, | શકરી ચતુરભાઇ | ૩૯ | ,, | |
| ૩૯ | ,, | માણેક અચરતલાલ | ૩૯ | ,, | |
| ૪૦ | ,, | રતન પોપટલાલ | ૩૯ | ,, | |
| ૪૧ | ,, | રમણ નગીનભાઇ | ૩૯ | સુરત | |
| ૪૨ | ,, | હીરી ગુલાબચંદ | ૩૭ | અમદાવાદ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૩ | બેન | માણેક છગનલાલ | ૩૭ | અમદાવાદ |
| ૪૪ | ,, | હીરી પ્રેમચંદ | ૩૬ | ,, |
| ૪૫ | ,, | રમણુ માનચંદ | ૩૬ | સુરત |
| ૪૬ | ,, | કાંતા વાડીલાલ | ૩૫ | અમદાવાદ |
| ૪૭ | ,, | મણી જેઠાલાલ | ૩૫ | ,, |
| ૪૮ | ,, | માણેક પુંજાભાઈ | ૩૫ | ,, |
| ૪૯ | ,, | વિમળા ફકીરચંદ | ૩૪ | ,, |
| ૫૦ | ,, | સમુગવરી રૂપચંદ | ૩૪ | સુરત |
| ૫૧ | ,, | સરસ્વતી પ્રેમચંદ | ૩૪ | મુંબઇ |
| ૫૨ | ,, | નવલબાઇ કેશવજી | ૩૩ | રાજકોટ |
| ૫૩ | ,, | મણી રતનચંદ | ૩૩ | અમદાવાદ |
| ૫૪ | ,, | અમથી રવચંદ | ૩૩ | ,, |
| ૫૫ | ,, | મંગુ લલુભાઈ | ૩૩ | ,, |
| ૫૬ | ,, | જાસુદ લાલભાઈ | ૩૩ | ,, |
| ૫૭ | ,, | જાસુદ લલ્લુભાઈ | ૩૩ | ,, |
| ૫૮ | ,, | પ્રધાન પ્રેમચંદ | | કપડવંજ |
| ૫૯ | ,, | મણી શંકરલાલ | | ,, |
| ૬૦ | ,, | સુભદ્રા પ્રેમાભાઇ | | ,, |
| ૬૧ | ,, | ધીરજ પુનમચંદ | | ,, |
| ૬૨ | ,, | ચંદન હેમચંદ | | ,, |
| ૬૩ | ,, | ચંદી ચુનીલાલ | | ,, |

## અવિવાહિત કન્યાઓનું ધોરણ ૨ જું.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | બેન | ચંપા ચુનીલાલ | ૭૮ | કપડવંજ | ૧૧ |
| ૨ | ,, | શકરી સાંકળચંદ | ૬૨ | ધીણોજ | ૭ |
| ૩ | ,, | કેશી ત્રીભોવન | ૬૧ | ,, | ૫ |
| ૪ | ,, | શીવી દલસુખરામ | ૫૮ | ,, | ૪ |
| ૫ | ,, | મંગુ જેશંગભાઇ | ૫૬ | ,, | ૩ |
| ૬ | ,, | ગજરી માનચંદ | ૫૩ | ,, | ૨ |
| ૭ | ,, | શકરી અંબારામ | ૫૩ | ,, | ૨ |
| ૮ | ,, | જસી કાળીદાસ | ૪૭ | અમદાવાદ | |
| ૯ | ,, | માણેક મહાસુખરામ | ૪૬ | ,, | |
| ૧૦ | ,, | ગુલાબ કાળીદાસ | ૪૫॥ | સુરત | |
| ૧૧ | ,, | હીરી કેશવલાલ | ૩૭ | અમદાવાદ | |
| ૧૨ | ,, | માણેક મહાસુખભાઇ | ૩૫ | ,, | |
| ૧૩ | ,, | કમળા ડાહ્યાભાઈ | ૩૩ | ,, | |
| ૧૪ | ,, | મણી સાંકળચંદ | ૩૩ | ,, | |
| ૧૫ | ,, | શાંતા ફતેચંદ | ૩૩ | ,, | |

## સ્ત્રીઓનું ધોરણ ૧ લું.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | બેન કીકી નાનચંદ | ૬૮ | સુરત | ૨૧ |
| ૨ | ,, સમરત નાગજી | ૫૯ | પાલીતાણા | ૧૭ |
| ૩ | ,, મંગુ શાંકળચંદ | ૫૮ | અમદાવાદ | ૧૫ |
| ૪ | ,, રંભાબાઇ શામજી | ૫૭ | મુંબઇ | ૧૦ |
| ૫ | ,, પારવતીબાઇ જીવરાજ | ૫૭ | પાલીતાણા | ૧૦ |
| ૬ | ,, લીલાવંતી સ્વરૂપચંદ | ૫૫ | સુરત | ૭ |
| ૭ | ,, ફુલકોર રૂપચંદ | ૫૪ | સુરત | ૪ |
| ૮ | ,, ચંપા ડાહ્યાભાઇડે.ધાંચીનીપોળ | ૫૪ | અમદાવાદ | ૪ |
| ૯ | ,, અમૃત બાલુભાઈ | ૫૩ | સુરત | ૧ |
| ૧૦ | ,, ડાહી પ્રતાપચંદ | ૫૩ | ,, | ૧ |
| ૧૧ | ,, મણી ઓઘડભાઇ | ૫૩ | અમદાવાદ | ૧ |
| ૧૨ | ,, ચંપા ડાહ્યાભાઈ ડે. લાંબેસર | ૫૩ | ,, | ૧ |
| ૧૩ | ,, જાસુદ જેશંગભાઇ | ૫૨ | ,, | |
| ૧૪ | ,, ચંદી છોટાલાલ | ૫૨ | ,, | |
| ૧૫ | ,, માણેક મણીલાલ | ૫૧ | ,, | |
| ૧૬ | ,, છબલબાઇ વીરચંદ | ૪૯ | વઢવાણ શેહેર | |
| ૧૭ | ,, મણી લક્ષ્મીચંદ | ૪૯ | અમદાવાદ | |
| ૧૮ | ,, નંદી હઠીસંગ | ૪૯ | ,, | |
| ૧૯ | ,, મંગી ફુલચંદ | ૪૮ | સુરત | |
| ૨૦ | ,, કમળા દેવચંદ | ૪૫ | ,, | |
| ૨૧ | ,, રાધા ભાઇચંદ | ૪૫ | વાંકાનેર | |
| ૨૨ | ,, મણી કસ્તુરચંદ | ૪૪ | વડસમા | |
| ૨૩ | ,, ચંદન ડાહ્યાભાઈ | ૪૩ | સુરત | |
| ૨૪ | ,, ગુલાબ ઝવેરચંદ | ૪૦ | ,, | |
| ૨૫ | ,, માણેક લલ્લુભાઇ | | કપડવંજ | |
| ૨૬ | ,, મોતી રણછોડ | | ,, | |
| ૨૭ | ,, પ્રધાન ઝવેરલાલ | | ,, | |
| ૨૮ | ,, પ્રધાન શામળભાઇ | | ,, | |
| ૨૯ | ,, ચંપા પાનાચંદ | | ,, | |

## સ્ત્રીઓનું ધોરણ ૨ જું.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | બેન રતન ઝવેરચંદ | ૮૧॥ | સુરત | ૩૧ |
| ૨ | ,, સમરથ ફુલચંદ | ૮૦ | અમદાવાદ | ૨૫ |
| ૩ | ,, ગુલાબ ડાહ્યાભાઇ | ૬૬ | સુરત | ૧૭ |
| ૪ | ,, શકરી મગનલાલ | ૬૩॥ | અમદાવાદ | ૧૦ |
| ૫ | ,, મણી રામચંદ | ૬૨ | ,, | |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | બેન શીવકોર નેમચંદ | ૬૨ | સુરત | |
| ૭ | ,, ભીખી ડાહ્યાભાઇ | ૫૮ | અમદાવાદ | |
| ૮ | ,, કંકુ લલ્લુભાઇ | ૫૧ાા | ,, | |
| ૯ | ,, મોતી વાડીલાલ | ૩૭ | ,, | |
| ૧૦ | ,, તેજી છગનલાલ | ૩૩ | ,, | |

### સ્ત્રીઓનું ધોરણ ૩ જું.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | બેન નેમકોર કસ્તુરચંદ | ૭૦ | સુરત | ૨૫ |
| ૨ | ,, ચંપા પુરૂશોતમ | ૬૫ | અમદાવાદ | ૧૫ |
| ૩ | ,, આધી દલીચંદ | ૬૦ | લીંચ | ૧૦ |
| ૪ | ,, નાની ચુનીલાલ | ૫૫ | સુરત | |
| ૫ | ,, ગુલાબ બાલુભાઈ | ૪૫ | ,, | |
| ૬ | ,, ધોળીબાઇ ઝવેરચંદ | ૪૫ | મુંબઈ | |
| ૭ | ,, જાસુદ મંહાસુખ | ૪૦ | અમદાવાદ | |
| ૮ | ,, ગંગા વાડીલાલ | ૪૦ | ,, | |

### સ્ત્રીઓનું ધોરણ ૪ થું.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | બેન મણી દયારામ | ૬૭ | ધીણોજ | ૨૫ |
| ૨ | ,, ગંગા બાલાભાઇ | ૪૧ | અમદાવાદ | |
| ૩ | ,, શકરી મોહનલાલ | ૪૦ | ,, | |
| ૪ | ,, ચંચળ સાંકળચંદ | ૩૯ | ,, | |

### સ્ત્રીઓનું ધોરણ ૫ મું. અ

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | બેન નવલ ઉત્તમચંદ | ૫૫ | સુરત | ૨૫ |
| ૨ | ,, ચંચળ હઠીશંગ | ૪૨ | અમદાવાદ | |

### સ્ત્રીઓનું ધોરણ ૫ મું. બ

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | બેન મંગુ બાલાભાઇ | ૫૬ | અમદાવાદ | ૨૫ |

## કૉન્ફરન્સનું બંધારણ.

### CONFERENCE CONSTITUTION.

જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ અત્યાર સુધી જે બંધારણપર ચલાવવામાં આવેલ છે તેમાં ગત વર્ષોના અનુભવપરથી કેટલાક સુધારા વધારા કરવાની જરૂર રહે છે અને ઘણા વિચારકોને જણાયું છે કે બંધારણ એવું હોવું જોઇએ કે જેથી ઓછા ખર્ચે પણ ઠીક દેખાવથી કૉન્ફરન્સ વ્યવહારૂ કાર્યો કરી શકે. આટલા માટે વિધ વિધ અનુભવીઓ તરફથી આ વિષય છણાઇ તેના પરિપાકરૂપે વ્યવહારૂ સરલ અને સુંદર બંધારણ યોજી શકાય તે સારૂ નીચેના પ્રશ્નો સૂચના રૂપે મૂકવામાં આવ્યા છે:—

૧ કૉન્ફરન્સનો ઉદ્દેશ (Effect) શું હોવો જોઇએ?

૨ તેનો કાર્ય વિસ્તાર ( Scope ) કેટલો હોવો જોઇએ? હાલ જે કાર્ય વિસ્તાર છે તે વધારે વિશાળ યા સંકુચિત કેટલે દરજ્જે કરવા યોગ્ય છે તે સંબંધી તમારા વિચારો હેતુપૂર્વક જણાવશો.

૩ કૉન્ફરન્સનું અધિવેશન કેટલા વખતના ગાળા પછી થવું જોઇએ?

૪ કૉન્ફરન્સમાં ડેલીગેટ તરીકે કોણ આવી શકે?

૫ કઇ સંસ્થાઓને કેટલા પ્રમાણમાં ડેલીગેટ ચૂંટવાની સત્તા આપવી જોઇએ!

૬ ડેલીગેટની ફી લેવી તે જે સ્થળે કૉન્ફરન્સ બોલાવવામાં આવી હોય ત્યાંની રીસેપ્શન કમીટીની મુન્સફી પર રાખવું કે કૉન્ફરન્સના બંધારણમાંજ તેનો નિર્ણય કરવો?

૭ ડેલીગેટની ફી વધારેમાં વધારે અને ઓછામાં ઓછી કેટલી લેવી જોઇએ?

૮ સબજેક્ટ કમીટીની ચુંટણી માટે આપ શું ધોરણ રાખવા મત ધરાવો છો? પ્રાંતવાર ઇત્યાદિ.

૯ સબજેક્ટ કમીટી વધારેમાં વધારે કેટલા મેંબરોની કરવી જોઇએ?

૧૦ કોઇપણ ઠરાવ સબજેક્ટ કમીટીમાં મૂકવામાં આવે ત્યારે તેને માટે કેટલી બહુમતી થાય તોજ તેને કૉન્ફરન્સમાં રજુ કરી શકાય?

૧૧ કોન્ફરન્સના અધિવેશનોમાં પહેલા દિવસની કાર્ય પદ્ધતિ જે રીતે ચાલે છે તેમાં શું ફેરફાર સૂચવો છો? બંને પ્રમુખોના ભાષણો ઉપરાંત તે દિવસે જનરલ સેક્રેટરી તરફથી કંઇ વિવેચન થવું જોઇએ કે એવી કોઇ બીજી વિશેષ સૂચના કરવા યોગ્ય લાગતી હોય તે જણાવશો.

૧૨ કૉન્ફરન્સના ઉદ્દેશાનુસાર કાર્ય ચલાવવા, જરૂરી કામો અમલમાં મૂકવા અને બે અધિવેશન વચ્ચે ઉપસ્થિત થતા પ્રશ્નોના નિર્ણય કરવા કે એવા કોઈ હેતુઓ માટે તમને એક સ્ટેડીંગ કમીટી ( કૉન્ફરન્સની ) નીમવાની જરૂરીઆત તમને લાગે છે?

૧૩ એવી સ્ટેન્ડીંગ કમીટી નીમવાની જરૂર હોય તો તેના મેંબરો કઈ વખતે અને કોને નીમવા જોઇએ અને તેની સંખ્યા કેટલી હોવી જોઇએ?

૧૪ એવી કમીટીનું મુખ્ય સ્થાન કયાં અને તેની કાર્યપદ્ધતિ કેવી હોવી જોઇએ?

૧૫ જનરલ સેક્રેટરી કેટલી સંખ્યામાં રાખવાનું તમને ઉચિત લાગે છે?

૧૬ કૉન્ફરન્સના આસીસ્ટંટ જનરલ સેક્રેટરી રાખવા કે નહીં, અને રાખવા તો કેટલી સંખ્યામાં?

૧૭ પ્રોવિન્શીયલ સેક્રેટરીની સંખ્યા કેટલી રાખવી?

૧૮ જનરલ આસીસ્ટંટ અને પ્રોવિન્સીયલ સેક્રેટરીની સત્તા કેટલી હોવી જોઇએ તેનો વિચાર જણાવશો.

૧૯ અધિવેશનના પ્રમુખ નીમવાની સત્તા સ્થાનીક રીસેપ્સન કમીટીને આપવી કે સ્ટેડીંગ કમીટીને પુછીને તેઓ નીમણુંક કરશે એમ રાખવું. અથવા ટુંકામાં પ્રમુખની ચુંટણી સંબંધી શું નિયમો રાખવા યોગ્ય ધારો છો તે જણાવશો.

૨૦ કૉન્ફરન્સની હેડ ઓફીસ કયાં રાખવી, અને તેનું બંધારણ કેવું હોવું જોઇએ?

૨૧ દરેક જનરલ સેક્રેટરી સાથે એડવાઇઝરી બૉર્ડની જરૂરીઆત આપને લાગે છે?

૨૨ પાંચસોથી વધારે જૈન વસ્તીવાળા દરેક શહેરમાં એક સ્થાનિક કૉન્ફરન્સ કમીટી નીમાય તો તેથી આપ લાભ થાય તેમ ધારોછો? અને અત્યારના સંયોગો જોતાં

કૉન્ફરન્સનું કામ દરેક શેહેરમાં ચાલે તે માટે કોઇ એવા પ્રકારની યોજના આપ સૂચવી શકશો ?

૨૩ કૉન્ફરન્સમાં જે સખાવત જાહેર થાય તેનો વહીવટ કૉન્ફરન્સે કરવો કે માત્ર તેણે તેનો રીપોર્ટ મેળવવો, અને વહીવટ અન્યદ્વારા ચલાવવો. એ સંબંધી આપનો અભિપ્રાય બરાબર સ્પષ્ટ રીતે આપશો.

૨૪ કૉન્ફરન્સમાં સ્થાનિક સખાવત જાહેર થાય તેમાં આપને કાંઇ વાંધા પડતું લાગે છે? અને એવી સખાવતો કૉન્ફરન્સમાં જાહેર થાય તો તેમાં આપને કાંઇ ખોટું લાગે છે ?

૨૫ કૉન્ફરન્સના સેક્રેટરીઓ તરફ બરાબર રીપોર્ટો આવ્યા કરે અને કોમ હિતના પ્રશ્નો દરેક જૈન વસ્તીવાળા શેહેરમાં રીતસર ચર્ચાયા કરે એ માટે આપ કોઇ યોજના સૂચવી શકો છો. ?

૨૬ જનરલ સેક્રેટરીઓ તથા પ્રોવિન્સીયલ સેક્રેટરીઓના રીપોર્ટપરથી કેવી રીતે રીપોર્ટ બહાર પાડી કૉન્ફરન્સમાં રજુ કરવો. તે સંબંધી આપના વિચારો જણાવશો.

૨૭ સાધુઓને અંગે કૉન્ફરન્સે કેવી રીતે કામ લેવું જોઇએ ?

૨૮ કૉન્ફરન્સે સંઘની સત્તામાં માથું મારવું કે વિવાદગ્રસ્ત પ્રશ્નો હાથ ધરવા સંબંધી આપનો શું અભિપ્રાય છે ?

૨૯ કૉન્ફરન્સનો ઉદ્દેશ પાર પડે અને તેના પ્રત્યેક અંગો બરાબર કામ કરે અને વચ્ચે કોઇ જાતની અડચણ ન આવે તે માટે આપ બીજી જે કાંઇ ઉપયોગી સૂચના હોય તે વિગત સાથે લખી મોકલશો.

ઉપરના પ્રશ્નોના ઉત્તર તથા તે સંબંધી વિગતવાર અભિપ્રાયો સર્વ સુજ્ઞ બંધુઓએ રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શ્રી **જૈન શ્વેતાંબર** "કૉન્ફરન્સ," પાયધોની, મુંબઈ નં. ૩ ઉપર **એપ્રીલ ૧૯૧૫** ની આખર સુધીમાં મોકલી આપવા કૃપા કરવી.

---

# कॉन्फरन्स मिशन.

## ૧ શ્રી સુકૃત ભંડાર ફંડ.

**( સંવત ૧૯૭૧ ના માહ વદ ૧ થી ચૈત્ર સુદ ૧૫, તા. ૧-૨-૧૫ થી તા. ૩૧-૩-૧૫ સુધી. )**

વસુલ આવ્યા રૂ. ૭૭૬-૨-૦ ગયા માસ આખરના બાકી રૂ. ૮૮૧-૬-૦

**सुजानगढ कॉन्फ़रन्सनी बेठक वखते वसुल आव्या. ११६-८-०**

**૧ ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદ**—ઉ. ગુજરાત.

કૈયલ ૧૪, જગુદણ ૩ાા, ધોળાસણ ૩, નંદાસણ ૧૧,
જોરણજ ૮, રાજપુર ૬, કુમાસણ ૨ાા, ઝુલાસણ ૧,
કુંડ ૬ાાાૢ, બોરીસણા ૦ાા, આદરજમેર્ડા ૧૩ા,
થોળ ૪ા, ડરણ ૨, ખાવડ ૧૩ા, વેકરા ૬, વરખડીઆ ૫, મેરજ ૪. કુલ રૂ. ૧૦૪-૨-૨

२ उपदेशक मी. पुंजालाल प्रेमचंद—राजपुताना.

बीकानेर २१०॥, नागोर ९०।, गोगोळाव ५२॥।, खाजवाणा १९,
कुचेरा ४९. कुल. ४२१—८—०

૩ ઉપદેશક મી. અમૃતલાલ વાડીલાલ-પાલણપુર એજન્સી.

માડકા ૧૩, તીથગામ ૫, કણોદી ૨ા. કુલ રૂ. ૨૦—૪—૦

વેરાવળ શ્રી સંઘ સમસ્તના સંવત ૧૯૬૯ તથા સં. ૧૯૭૦ ના બે વર્ષના શેઠ ખુશાલભાઇ કરમચંદ તરફથી આવ્યા. ૧૧૩—૧૨—૦

એકંદર કુલ ૧૬૫૭—૮—૦

કાઠીઆવાડના વેરાવળ અંદરના શેઠ વાલજી કુરજી તથા શેઠ ખુશાલભાઈ કરમચંદે રૂ. ૧૧૩—૧૨—૦ ની રકમ મોકલાવીને આ ફંડને ઘણું માન આપ્યું છે તેમજ મારવાડના બીકાનેર શેહેરમાંથી શેઠ પુનમચંદ સાવનસુખા માર્ફત ઉપદેશક મી. પુંજાલાલ પ્રેમચંદે રૂ. ૨૧૦ાા ની રકમ વસુલ કરી મોકલાવી છે. તે પ્રમાણે દરેકે દરેક ગામ, શહેરના આગેવાન જૈન બંધુઓ પોતાના આખા વરસની સુકમાઇમાંથી આ ફંડમાં અમુક રકમ મોકલી આપવા વિચાર કરશે તો નાની નાની રકમથી એક મોટી રકમ થશે. આ ફંડમાં આવેલા પૈસાનો કેળવણી જેવા ઉત્તમ ખાતામાં વપરાસ થતો હોવાથી ફંડ આપનાર ગૃહસ્થોને મહા પુન્યોપાર્જન કરવાનું આ ઉમદા સ્થળ છે તે ધ્યાનમાં લેવા વિનંતિ કરવામાં આવે છે.

## राजपुताना बीकानेर शेहेरमांथी श्री सुकृत भंडार फंड वसुल आप्युं तथा साल दर साल वसुल आपवानुं नकी कर्युं तेमनां नाम.

सुजानगढ कोन्फरन्सनी बेठके वखते फंड आपनारनां नामनुं लीस्ट गया अंकमां आपेलुं छे. ते सिवायनां नीचे मुजबः—

| रु. | नाम. |
|---|---|
| १ | शेठ मानमलजी कोचर |
| २॥ | ,, मेघराजजी खजानची |
| १९ | ,, बादरमलजी रामपुरीआ |
| ४ | ,, जेठमलजी कोचर |
| १ | ,, आशकरणजी बरडीआ |
| १ | ,, मानमलजी सुजानमलजी कोचर |
| ५ | ,, शीवचंदजी सुराणा |
| ५ | ,, शीवबक्षजी कोचर |
| १ | शेठ फूलचंदजी कोठारी जयपुरवाले |
| १ | ,, शेरसींहजी गौडवंशी |
| १ | ,, शीवलालजी कोचर |
| ०। | ,, जोरावरजी डाघा |
| ०। | ,, मेघराजजी पारेख |
| ०। | ,, मुलचंदजी सावनसुखा |
| ०। | ,, समेरमलजी पारेखनी औरत |
| २ | ,, खेमचंदजी बेगाणी |
| १ | ,, लूणकरणजी मानमलजी कोचर |

१ शेठ हजारीमलजी मानमलजी कोचर

१ ,, हीरालालजी मानमलजी कोचर

१ ,, गेवरचंदजी शेठीआ

१ ,, मुनीलालजी रतनलालजी शेठीआ

१ ,, खेमचंदजी शेठीआ

१ ,, शोभागमलजी शीरमलजी कोठारी

०। ,, झवेरचंदजी सावनसुखा

२ ,, जतनलालजी पारेख

१ ,, आसकरणजी नाईटा

१ ,, बछराजजी नाईटा

१ ,, हीरालालजी नाईटा

१ ,, गेवरचंदजी डाघा

१ ,, जीवणमलजी कोठारी

१ ,, परमसुखजी कोठारी

१ ,, लाभचंदजी सुराणा

०। ,, रतनलालजी पुगलीआ

०। बाई चांथी बाई

०। शेठ कालुरामजी सुराणा

०। ,, मुलचंदजी मालु

०। ,, छगनलालजी सीपाणी

०॥ ,, मंगलचंदजी बांठीआ

०। ,, नवलचंद बांठीआ

०। ,, जीवराज छलाणी

०। ,, सेसकरणजी बेंद

०। ,, मुलचंदजी गोलेछा

०। बाई चांदाबाई

०। शेठ रेखचंदजी सीपाणी

०। ,, वदनमलजी सींगी

०। ,, मेघराजजी सुराणा

०। ,, मोहनलालजी शेठीआ

०॥ शेठ गेवरचंदजी बोतडा

०। ,, सरफसुखजी बरडीआ

०। ,, हाकुजी सुराणा

०॥ ,, प्रेमकरणजी गुलेछा

०। ,, तेजमलजी बरडीआ

०। ,, चांदमलजी कोचर

०॥ ,, मगनलालजी नाएटा

०। ,, अजीतमलजी शेठीआ

०। ,, शोभागमलजी गुलेछा

०। ,, रावतमलजी लूणीआ

०। ,, बादरमलजी कोचर

१ ,, जेवंतमलजी कोचर

१ बाई धनाबाई

१ ,, जेठीबाई

२ ,, मगांबाई

१ ,, पानबाई

१ ,, फूलबाई

०॥ शेठ नथमलजी सूराणा

१ ,, लाभचंदजी कोचर

०॥ बाई सोनबाई

०॥ ,, पानबाई

१ ,, बकलीबाई

१ ,, बबलीबाई

१ ,, डागीबाई

१ ,, भरजीबाई

१ ,, लक्ष्मीबाई

१ शेठ सुगचंदजी पारेख

१ ,, खुशालचंदजी कोचर

१ ,, इंदरमलजी बेंद

०॥ ,, भेरुदानजी डाघा

| | |
|---|---|
| १ शेठ दीपचंदजी कोचर | १ शेठ आशकरणजी डाघा |
| १ ,, जशकरणजी कोचर | १ ,, रतनलालजी शेठीआ |
| ०॥ ,, अनारमलजी कोचर | १ ,, पुनमचंदजी डाघा |

| | | | |
|---|---|---|---|
| १॥ | शेठ | तेजकरणजी मुलचंदजी कोठारी | साल दरसाल १ |
| १ | ,, | शोभागमलजी पारेख | ,, ०। |
| ५ | ,, | मोतीलालजी बरडीआ | ,, २ |
| ०॥ | ,, | रुपचंदजी दुगड | ,, ०। |
| १ | ,, | गेवरचंदजी सावनसुखा | ,, ०। |
| ९ | ,, | हजारीमलजी रतनलालजी मालु | ,, ४ |
| २ | ,, | छगनलालजी गुलेच्छा | ,, १ |
| ०॥ | ,, | सुजानमलजी नाएटा | ,, ०। |
| ०॥ | ,, | बादरमलजी कोठारी | ,, ०। |

आ एक साल माटेज फंड वसुल आपनारनां नाम.

| | |
|---|---|
| १ शेठ श्रीकमजी चोरडीआ | ०॥। शेठ लाभचंदजी बरडीआ |
| ५ ,, नथमलजी आशाणी | ०॥ ,, लुणचंदजी सोनार |
| ०॥ ,, परमसुखजी तातेड | १ ,, पुनमचंदजी सुराणा |
| ४ ,, शीखरचंदजी रामपरीआ | ०॥ ,, तेजकरणजी कोठारी जयपुरवाले |
| २ ,, रतनलालजी डाघा | १ ,, रामलालजी कोठारी |
| ०॥ ,, रुपचंदजी रामपुराआ | १ ,, मंगलचंदजी मेंगाणी |
| १ ,, मुलचंदजी भाडावत्त | ०॥ ,, देवकरणजी नाएटा |
| १ ,, चुनीलालजी सीपाणी | १ ,, सोवनलालजी कोठारी |
| १ ,, लूणकरणजी सींधी | १ ,, पागमलजी पुगलीआ |
| १ ,, हीरालालजी दफतरी | ०॥ ,, लाधुरामजी दुगड |
| २ ,, नेमचंदजी अभाणी | १ ,, गुलाबचंदजी सीपाणी |
| २ ,, गुणचंदजी खारोड | १ ,, अमरचंदजी सुराणा |
| १ ,, शमेरमलजी रामपुरीआ | १ ,, धनसुखजी लुणीआ |
| १ ,, चुनीलालजी भणशाली | ०॥ ,, मोतीलालजी सोनावत |
| १ ,, भीकणचंदजी कोठारी | १ ,, बागमलजी भणशाली |
| १ ,, दीपचंदजी बांठीआ | १ ,, अलीरामजी शींगी |

१ शेठ वनेचंदजी लुणीआ
१ ,, मोतीलालजी बांठीआ
१ ,, छगनलालजी लूणीआ
१ ,, मूलचंदजी भणशाली
०॥ ,, छोटमलजी राखेच्छा
५ ,, हस्तमलजी डाघा
१ ,, हीराचंदजी कोचर
१ ,, लक्ष्मीचंदजी कोचर
१ ,, अमुलखजी सुराणा
०॥ ,, गेवरचंदजी पारेख
१ ,, गेवरचंदजी बेगाणी
२ ,, भेरुदानजी कोठारी
२ ,, तेजकरणजी कोचर
१ ,, शाळगरामजी दसाणी
१ ,, सूरजमलजी खजानची
२ ,, भेरुदानजी राखेछा
१ ,, पुनमचंदजी कोठारी
०॥ ,, मुनीलालजी दसाणी
०॥ ,, लक्ष्मीचंदजी दसाणी
१ ,, भेरुमलजी कोचर
०॥ ,, हीरालालजी बोथरा
०॥ ,, लक्ष्मीचंदजी बेगाणी
१ ,, मानचंदजी गोळेच्छा
०॥ ,, नथमलजी पारेख
०॥ ,, अमुलखजी दुगड
१ ,, छोटमलजी कोचर
१ ,, शीवचंदजी कोचर

१ शेठ छोटमलजी कोचर
१ ,, शोभागमलजी कोचर
१ ,, भेरुलालजी कोचर
१ ,, सुखदेवजी सीपाणी
१ बाई भुरीबाई
१ शेठ महेरचंदजी कोचर
१ ,, गोपीलालजी कोचर
१ ,, प्रेमकरणजी कोचर
१ ,, रतनलालजी कोचर
०॥ ,, जशकरणजी कोचर
१ ,, गेवरचंदजी कोचर
१ ,, रेखचंदजी कोचर
०॥ ,, अमरचंदजी कोचर
१ ,, लूणकरणजी कोचर
२ ,, अभेराजजी कोचर
१ ,, शीरीचंदजी पारेख
१ ,, मणीलालजी कोचर
१ ,, शमेरमलजी कोचर
१ बाई छगनीबाई
१ ,, रुपांबाई
१ ,, धाफांबाई
१ शेठ दुलीचंदजी डाघा
१ ,, नेमचंदजी कोचर
१ ,, शींगणजी
१ ,, लक्ष्मीचंदजी कोचर
०॥ ,, तेजमलजी कोचर
१ ,, चोथमलजी शेठीआ

७ चार आना प्रमाणे २८ गृहस्थोना आव्या तेमनां नाम दाखल कर्यां नथी.

## ૨ શ્રી ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

તપાસનાર—શેઠ. ચુનીલાલ નહાનચંદ ઓનરરી ઓડીટર શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.

૧ **ઉત્તર ગુજરાતના મેહસાણા મહાલના જગુદણ ગામ મધ્યેના શ્રી વાસુપૂજ્ય મહારાજના** દેરાસરનો રીપોર્ટઃ—સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ. હરીચંદ વખતચંદના હસ્તકનો સંવત ૧૯૬૧ થી સં. ૧૯૬૯ ના ભાદરવા સુદ ૧ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો તે જોતાં પૂજનને લગતો ખર્ચ પોતાની ગીરેથી કરી વહીવટનું નામું રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવતા જોવામાં આવે છે.

૨ **મેહસાણા મહાલના ધોળાસણ ગામ મધ્યેના શ્રી પાર્શ્વનાથજી મહારાજના** દેરાસરનો રીપોર્ટઃ—સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ. પ્રેમચંદ ઘેહેલચંદ તથા શ્રી સંઘના હસ્તકનો સંવત ૧૯૬૪ થી સં. ૧૯૭૦ ના આસો વદ ૩૦ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો. તે જોતાં નામું જૈન શૈલીને અનુસરીને રાખી વહીવટ ઘણીજ કાળજીથી તેમજ તન મનથી ચલાવે છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

